પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૧૨૫, કુલ પાના:૪, તારીખ: ૧૯-૦૧-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 125 PRICE :-RS. 1.50 DATE : 19-01-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### હાલ કોઈ આદેશ આપવા કોર્ટનો ઈન્કાર, વધુ સુનાવણી બુધવારે

## દિલ્હીમાં કોણ આવશે કોણ નહીં, પોલીસ નક્કી કરશે: ખેડૂતોની ટ્રેક્ટર રેલી પર સુપ્રિમનું નિવેદન

ન્યુ દિલ્હી,
સુપ્રીમ કોર્ટએ સોમવારે કહ્યું કે, ખેડૂતોની ટ્રેક્ટર રેલી યોજાવી જોઈએ કે નહીં, એ નક્કી કરવાનું કામ પોલીસનું છે. એવામાં હવે ગણતંત્ર દિવસે ખેડૂતોની ટ્રેક્ટર માર્ચ થશે, તેના પર નિર્ણય દિલ્હી પોલીસએ લેવાનો રહે છે. જોકે, સુપ્રીમ કોર્ટ બુધવારે ફરી આ મામલા પર સુનાવણી કરશે.

આજે સુપ્રીમ કોર્ટમાં ગણતંત્ર દિવસે ખેડૂત સંગઠનો દ્વારા આયોજિત ટ્રેક્ટર રેલીને લઈ સુનાવણી હાથ ધરવામાં આવી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે રામલીલા મેદાનમાં પ્રદર્શનની મંજૂરી પર પોલીસે નિર્ણય લેવાનો છે. સાથોસાથ કોર્ટે કહ્યું કે શહેરમાં કેટલા લોકો, કેવી રીતે આવશે તે પોલીસ નક્કી કરશે. ચીફ જસ્ટિસે કહ્યું કે શું હવે કોર્ટે જણાવવું પડશે કે સરકારની પાસે પોલીસ એક્ટ હેઠળ શું શક્તિઓ છે. હવે સુપ્રીમ કોર્ટ બુધવારે આ મામલાની સુનાવણી કરશે.



ચીફ જસ્ટિસ એસ.એ. બોબડેએ કહ્યું કે, મામલો પોલીસનો છે. અમે તેની પર નિર્ણય નહીં લઈએ. અમે મામલો હાલ સ્થગિત કરી રહ્યા છીએ. હવે આ મામલાની સુનાવણી બુધવારે થશે. સુપ્રીમ કોર્ટે સંકેત આપ્યા છે કે ખેડૂતોને દિલ્હી પ્રવેશ જેવા વિષય પર પહેલા પ્રશાસને નિર્ણય લેવો જોઈએ.

બીજી તરફ, ટ્રેક્ટર રેલીને લઈ દિલ્હી પોલીસે કહ્યું કે, કોઈ પણ રેલીસ કે એવો વિરોધ જે ગણતંત્ર દિવસ સમારોહમાં ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરે છે, તે દેશને શરમમાં મૂકનારું કૃત્ય હશે. તેનાથી દુનિયાભરમાં દેશની બદનામી થશે. કાયદો-વ્યવસ્થા ખરાબ થવાની સ્થિતિ ઊભી થઈ શકે છે. પોલીસે અલગ-અલગ રિપોર્ટ્સનો હવાલો આપતા કહ્યું કે અનેક ખેડૂત ગણતંત્ર દિવસની પરેડમાં ખલેલ પહોંચાડવા માટે લાલ કિલ્લા સુધી પહોંચવાની તૈયારી કરી રહ્યા છે.


ઉલ્લેખનીય છે કે, કૃષિ કાયદાઓની વિરુદ્ધ દિલ્હીની સરહદો પર વિરોધ પ્રદર્શન કરી રહેલા હજારો ખેડૂતોનું આંદોલન સતત ઉગ્ર બનતું જઈ રહ્યું છે. અત્યાર સુધી સરકાર અને ખેડૂતો વચ્ચે નવ રાઉન્ડની વાતચીત થઈ ચૂકી છે. આ બેઠકોમાં અનેક મુદ્દાઓ પર સહમતિ સધાઈ ગઈ છે પરંતુ ખેડૂત સંગઠનો ત્રણ કૃષિ કાયદાને રદ કરવા પર અડગ છે. આ દરમિયાન ૨૬ જાન્યુઆરીએ ખેડૂત સંગઠનોએ ટ્રેક્ટર રેલીનું આયોજન કર્યું છે.

### સંયુક્ત કિસાન મોર્ચએ ગુરનામ સિંહ ચઢૂનીને સસ્પેન્ડ કર્યા

કૃષિ કાયદાના મુદ્દા પર ખેડૂત સંગઠનોના ધરણાને બે મહિના થઈ ગયા છે. આ વચ્ચે સોમવારે એક સૌથી મોટા સમાચાર સામે આવી રહ્યાં છે. સૂત્રોને મળતી જાણકારી મુજબ સંયુક્ત કિસાન મોર્ચાએ ભારતીય કિસાન યૂનિયન (ચઢૂની)ના પ્રધાન ગુરુનામ સિંહ ચઢૂનીને સસ્પેન્ડ કરી દીધા છે.

## વડાપ્રધાન મોદીની અમદાવાદ-સુરતને 'મેટ્રોની ગિફ્ટ'

ન્યુ દિલ્હી/ગાંધીનગર,
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે ગુજરાતના વધુ બે મહત્વના પ્રોજેકટનું શિલાન્યાસ કરવામાં આવ્યું છે. અમદાવાદ ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેકટ અને સુરત મેટ્રો રેલ પ્રોજેકટનું દિલ્લી ખાતેથી વર્ચ્યુલ શિલાન્યાસ કરવામાં આવ્યું. અમદાવાદ ફેઝ ૨ના મેટ્રોના કામનું ખાતમુહૂર્ત થયુ જે મોટેરાથી ગાંધીનગરને જોડશે. આ પ્રસંગે માનનીય રાજયપાલ આચાર્ય દેવવ્રત, ગુજરાતના માનનીય મુખ્યમંત્રી વિજય રૂપાણી,



ભારતના ગૃહમંત્રી અમિત શાહ, ભારતના કેન્દ્રીય રાજય મંત્રી (સ્વતંત્ર હવાલો) ડો.હરદીપ સિંઘ પુરી ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

પીએમ મોદીએ ગુજરાતીમાં પોતાનું સંબોધન શરૂ કરતા જણાવ્યું કે, અમદાવાદ અને સુરતના બધા લોકો ઊંધિયા અને જલેબીમાંથી હવે નવરા પડ્યા હશે. તેમણે વધુમાં જણાવ્યું કે, આજે ઉત્તરાયણની શરૂઆતમાં આજે અમદાવાદ અને સુરતમાં, મોટા વેપારી શહેરોમાં મેટ્રો કનેક્ટિવિટીને મજબૂત કરવાનું કામ કરશે. કાલે કેવડિયા માટે નવા રેલ માર્ગો અને ટ્રેનોની શરૂઆત કરી. આ શુભારંભ માટે હું ગુજરાતનાં લોકોને ઘણી શુભેચ્છાઓ આપુ છું. આજે ૧૭ હજાર કરોડ રૂપિયાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું કામ શરૂ થઈ રહ્યું છે. જે બતાવે છે કે કોરોનાના આ કાળમાં પણ દેશનાન નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામ સતત વધી રહ્યા છે.

અમદાવાદ અને સુરત બંન્ને ગુજરાત અને ભારતનાં આત્મનિર્ભર્તાને સશ્કત કરતા શહેરો છે. મને યાદ છે કે, જ્યારે અમદાવાદમાં મેટ્રોની શરૂઆત થઈ હતી તે ઘણો જ મૂલ્યવાન પળ હતો. લોકોના ચહેરા પર ખુશી હતી. લોકો આ જોવા માટે ધાબા પર ચઢી ગયા હતા.

(અનુ.પાના.નં.૨)

## અમદાવાદ મેટ્રો ફેઝ-૨ પ્રોજેક્ટ વર્ષ ૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે: મેટ્રો એમડી



ગાંધીનગર,
દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સોમવારે અમદાવાદ મેટ્રો ટ્રેન પ્રોજેકટનાં ફેઝ-૨નું ખાતમૂહુર્ત કર્યુ હતું. જ્યારે અમદાવાદ મેટ્રો પ્રોજેકટને ગાંધીનગર સુધી લંબાવવામાં આવ્યો છે. કુલ ૫૩૮૦ કરોડના ખર્ચે તૈયાર થનાર આ પ્રોજેક્ટ વર્ષ ૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. જેના કારણે અમદાવાદ-ગાંધીનગર વચ્ચેનું પરિવહન પણ વધુ સરળ બની જશે. અમદાવાદ ફેઝ-૧ની કુલ લંબાઈ ૪૦.૦૩ કિલોમીટર છે. જેમાં ૬.૫ કિલોમીટરની એક લાઈન માર્ચ ૨૦૧૯ અગાઉ કાર્યરત કરવામાં આવી હતી. જ્યારે, બાકીની ૩૩.૩૩ કિલોમીટરની કામગિરી હાલમાં ચાલી રહી છે. જે ઓગસ્ટ ૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

વડાપ્રધાન મોદીએ આજે અમદાવાદમાં જે તબક્કાને મંજૂરી આપી છે, તેમાં મોઢેરા સ્ટેડિયમ થી મહાત્મા મંદિર સુધીના ૨૨ કિલોમીટર લાંબી લાઈનનો સમાવેશ થાય છે. ભવિષ્યમાં તેને સરદાર વલ્લભભાઈ પટેલ અંતરરાષ્ટ્રીય વિમાનમથક સાથે જોડવાની પણ જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત બીજા તબક્કામાં મોઢેરા સ્ટેડિયમ થી જી એન એલ યુ થી ગિફ્ટ સિટી સુધી તે એલિવેટેડ સ્ટેશન સાથે કોરિડોર ૨ ની લંબાઈ ૫.૪ કિલોમીટર છે, આ અમદાવાદ નો બીજા તબક્કાનો મેટ્રો ફેઝ ૨ ગ્રીન કોરિડોર તરીકે

(અનુ.પાના.નં.૨)

## પેટ્રોલમાં ૨૫ અને ડિઝલમાં ૨૭ પૈસાનો વધારો

ન્યુ દિલ્હી,
ક્રૂડ ઓઈલની કિંમતમાં વધારાને કારણે દેશમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં પણ સતત વધારો જોવા મળી રહ્યો છે. સતત ત્રણ દિવસ સુધી ભાવ સ્થિર રહ્યા બાદ આજે ફરી પેટ્રોલ અને ડીઝલની કિંમતાં ઉછાળો જોવા મળ્યો છે. આજે ડીઝલની કિંમતમાં ૨૪થી ૨૭ પૈસાનો વધારો થયો છે તો પેટ્રોલની કિંમતાં ૨૩થી ૨૫ પૈસાનો વધારો થયો છે.

ઈન્ડિયન ઓઈલ તરફથી મળેલી જાણકારી અનુસાર આજે રાજધાની દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૮૪.૯૫ રૂપિયા પ્રતિ લિટર થઈ ગઈ છે. જ્યારે કોલકાતમાં પેટ્રોલની કિંમત ૮૬.૩૯ રૂપિયા પ્રતિ લિટર થઈ ગઈ છે. મુંબીમાં પેટ્રોલની કિંમત ૯૧.૫૬ રૂપિયા પ્રતિ લિટર છે તો ચેન્નઈમાં કિંમતમાં વધારો થયા બાદ પેટ્રોલની કિંમત ૮૭.૬૩ રૂપિયા પ્રતિ લિટર છે.

### હાર્ટ એટેકથી જીવ ગયો, વેક્સિનથી નહિ: ડોક્ટરની સ્પષ્ટતા

## ઉ.પ્રદેશમાં વેક્સિન લીધાના ૨૪ કલાક બાદ વોર્ડબોયના મોતથી હડકંપ મચ્યો

મુર્દાબાદ,
ઉત્તરપ્રદેશના મુરાદાબાદમાં જિલ્લા હોસ્પિટલમાં વોર્ડ બોય તરીકે કામ કરતા ૪૬ વર્ષના મહિપાલ સિંહનું અચાનક તબિયત ખરાબ થતાં મોત થયું હતું. પરિવારના સભ્યોનો આરોપ છે કે મહિપાલ સિંહને ૧૬ જાન્યુઆરીએ કોરોના રસીકરણ અભિયાન દરમિયાન રસી આપવામાં આવી હતી અને રસીના કારણે તેમનું મોત નીપજ્યું હતું. જોકે ચીફ ઓફ મેડિકલ ઓફિસર સીએમઓ એમસી ગર્ગે આ આરોપોને ફગાવી દીધા છે અને કહ્યું છે કે મહિપાલના



પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મોતનું કારણ હાર્ટ એટેક આવ્યું છે.

જિલ્લાધિકારી રાકેશકુમાર સિંહે પણ મહિપાલસિંઘના હાર્ટ એટેકથી મોતની વાત કહી છે. તેમણે કહ્યું કે મહિપાલના અવસાન બાદ કોરોના રસી અંગે અફવા ફેલાવનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવશે.

મહિપાલ સિંહના દીકરાએ મીડિયાને જણાવ્યું હતું કે સવારે ડ્યૂટી પરથી છૂટ્યા બાદ તે અચાનક તબિયત બગડી ગઈ હતી. મારે કોઈ કામથી જવાનું હતું તો હું જતો રહ્યો, સાંજે મને ફોન આવ્યો કે તબિયત વધુ ખરાબ છે. પરિવારે ૧૦૮ પર ફોન કર્યો હતો પરંતુ તેઓ સમયસર આવ્યા ન હતા. શનિવારે રસીકરણ બાદ તેમનો શ્વાસ ખૂબ ફૂલી રહ્યો હતો. એક સવાલના જવાબમાં વિશાલે કહ્યું કે તેઓ કોરોના પોઝિટિવ પણ નહોતા. પરિવારનો આરોપ છે કે રસી આપતા પહેલાં મહિપાલ સિંહનું મેડિકલ તપાસ કરવામાં આવી નહોતી.

મહિપાલ સિંહના મૃત્યુ બાદ સીએમઓ એસસી ગર્ગ તેમના ઘરે પહોંચ્યા હતા. તેમણે કહ્યું કે મહિપાલના છાતીમાં દુ:ખાવો અને શ્વાસ લેવામાં મુશ્કેલી પડી રહી હતી. ત્યારબાદ હોસ્પિટલ લઈ જવાયા હતા. જ્યાં તેમને મૃત જાહેર કરાયા. પરિવારના આરોપો પર સીએમઓએ કહ્યું કે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું. કેટલાંક લોકો એ ભ્રમ ઉભો કરી રહ્યા છે કે મુરાદાબાદમાં વેકસીનના લીધે મોત થયું છે. મૃતકનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યો તેમાં હાર્ટ એટેક કારણ છે. આ ઘટનાનો વેકસીન સાથે કોઈ સંબંધ નથી.

## ચીન-પાકને પહોંચી વળવા ભારત લડાકુ વિમાનો ખરીદશે

ન્યુ દિલ્હી,
ભારત અને પાકિસ્તાનની સાથે જારી તણાવની વચ્ચે ભારત સેનાશક્તિમાં વધારો કરી રહ્યું છે. ઈન્ડિયન એર ફોર્સમાં સ્વદેશમાં ઉત્પાદિત ૮૩ તેજસ લડાકુ વિમાનોની ખરીદી માટે સરકારની લીલી ઝંડી મળ્યા પછી ભારત રશિયાથી મિગ-૨૯ અને સુખોઈ ૩૦ એમકેઆઈ ખરીદશે. આવનારા દિવસોમાં રશિયાથી ભારત ૨૧ મિગ-૨૯ અને ૧૨ સુખોઈ-૩૦ એમકેઆઈ ફાઈટર પ્લેન ખરીદશે. એના માટે રશિયાને ટૂંક સમયમાં આરએફપી મોકલવામાં આવશે. ૨૧ મિગ-૨૯ વિમાનો માટે આરએફપી (રિકવેસ્ટ ફોર પ્રપોઝલ) ટૂંક સમયમાં રશિયન કંપની રોકોબોર્નોએક્સપોર્ટને જારી કરવામાં આવશે. એર ફોર્સમાં આ વિમાનોના સામેલ થવાથી આ પ્રકારના વિમાનોની સંખ્યા વધીને ૫૯ થઈ જશે. જ્યારે સુખોઈના આવવાથી આ પ્રકારના લડાકુ વિમાનોની સંખ્યા ૨૭૨ થઈ જશે. ભારત ૨૭૨ સુખોઈમાંથી અત્યાર સુધી ૨૬૮ને પોતાના કાફલામાં સામેલ કરી ચૂક્યું છે.

૮૩ નવા તેજસ એર ફોર્સમાં જાન્યુઆરી, ૨૦૨૪થી ડિસેમ્બર, ૨૦૨૮ની વચ્ચે સામેલ થશે. બંને પડોશી દેશોની સાથે એક સાથે લડવા માટે એર ફોર્સ પાસે લડાકુ વિમાનોની કમસે કમ ૪૨ સ્ક્વોર્ડન હોવા જોઈએ. હાલ મિગ-૨૧, મિગ-૨૩ અને મિગ-૨૭ જૂનાં પડ્યાં છે અને એ ધીમે-ધીમે સેવામાં બહાર થશે. એર ફોર્સમાં વિમાનોની કમીને પૂરી કરવા માટે કેન્દ્ર સરકારે સંરણ ખરીદ પ્રક્રિયા પહેલાંથી સરળ બનાવી છે. આ જ ક્રમમાં ૩૬ રફાલ લડાકુ વિમાનોનો સોદો થયો હતો. ભારતની પાસે લડાકુ વિમાનોની આશરે ૩૩ સ્કવોર્ડન છે. પ્રત્યેક સ્કવોડ્રનમાં ૧૬ વિમાન હોય છે અને બે ટ્રેનર વિમાન સામેલ હોય છે. હાલ ભારત પાસે ૫૦૦થી વધુ ફાઈટર પ્લેન છે, જ્યારે પાકિસ્તાનની પાસે ૪૫૦ અને ૨૦૦૦થી વધુ લડાકુ વિમાન છે.

## પૂંજી પતિઓનું દેવું માફ કરનારી મોદી સરકાર અન્નદાતાઓની પૂંજી સાફ કરવામાં લાગી

ન્યુ દિલ્હી,
કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને વાયનાડના સાંસદ રાહુલ ગાંધીએ એક વાર ફરી મોદી સરકાર પર નિશાન સાધ્યું છે કે રાહુલ ગાંધીએ ટ્વીટ કરી મોદી સરકાર પર નિશાન સાધતા ખેડૂતોની પૂંજી હડપવાનો આરોપ લગાવ્યો છે. રાહુલ ગાંધીએ

(અનુ.પાના.નં.૨)

## રાજ્યમાં આગામી દિવસોમાં માવઠું પાડવાની હવામાન વિભાગે કરી આગાહી

ગાંધીનગર,
ગુજરાત રાજ્યમાં હાલમાં ઠંડીમાં થોડો ઘટાડો જોવા મળી રહ્યો છે. પરંતુ હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે કે રાજ્યમાં આગામી દિવસોમાં માવઠું પડી શકે છે. અને રાજ્યમાં ઠંડીમાં વધારો થઈ શકે છે. આગામી ૨૭ થી ૩૧ જાન્યુ.ઠંડીની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં માવઠાની આગાહી ને લઈ ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. માવઠાની આગાહીને પગલે રવિપાકને નુકસાનની ભીતિ



સેવાઈ રહી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી સમયમાં ૮ ડિગ્રી સુધી તાપમાનનો પારો ગગડી શકે છે. ૧ થી ૧૧ ફેબ્રુ.સુધી ઉ.ભારતમાં વધુ ઠંડી પડશે. અને જેની કોલ્ડ વેવની ગુજરાતમાં અસર જોવા મળશે. નોધનીય છે કે, ફેબ્રુઆરીની શરૂઆતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સણે કારણે ઉત્તારીય પર્વતીય ભાગોમાં ભારે હિમવર્ષા થવાની આશંકા છે.

જેને લઈ ઉત્તર પ્રદેશથી લઈને દિલ્હી, મધ્યપ્રદેશ, રાજસ્થાન તેમજ ઉત્તર-પૂર્વ ગુજરાત અને દક્ષિણ ગુજરાત સુધી વાદળો ઘેરાશે. જેના પરિણામે ફેબ્રુઆરીની શરૂઆતમાં રાજ્યના કેટલાંક ભાગોમાં માવઠું થવાની પણ શક્યતાઓ રહેલી છે. બાદમાં વાદળો વિખરાંતાં ફેબ્રુઆરી માસમાં કાતિલ ઠંડી પડી શકે છે.

## કેશોદમાં એક સાથે ૧૧ વિધર્થિનીઓ કોરોના સંક્રમિત મળી આવતા ખળભળાટ

ગાંધીનગર,
ગુજરાત રાજ્યમાં ગત ૧૧ જાન્યુઆરીથી શાળા માં ધોરણ ૧૦ અને ૧૨ માટે શૈક્ષણિક કાર્ય શરુ થયું છે. કોરોના ની ગાઈડલાઈન્સ અનુસાર રાજ્યમાં શાળાઓ શરુ કરવામાં આવી છે. ત્યારે રાજ્યમાં શાળા શરુ થયા બાદ વિધાર્થીઓમાં કોરોના વૈર્સનું સંક્રમણ જોવા મળ્યું છે. જામનગર બાદ હવે જૂનાગઢ જીલ્લાના કેશોદમાં એક સાથે ૧૧ વિધર્થિનીઓ કોરોના સંક્રમિત મળી આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર જુનાગઢના કેશોદમાં ૧૧ વિદ્યાર્થિનીઓને એક સાથે કોરોના રીપોર્ટ પોઝિટિવ આવ્યો છે. એક જ શાળાની ૧૧ વિધાર્થીનીઓ સંક્રમિત મળી આવતા તંત્ર અને શાળાના સંચાલકો સહીત વળી ગાનમાં હડકંપ મચી ગયો છે.

કે.એ. વણપરિયા વિનય મંદિરમાં વિદ્યાર્થિનીઓના કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જ્યાં ધો-૧૦ અને ૧૨ની એક સાથે ૧૧ બાળાઓ કોરોના સંક્રમિત જોવા મળી હતી. સ્કુલમાં પ્રવેશતાં ધોરણ ૧૦-૧૨ ની વિદ્યાર્થીનીઓના ટેસ્ટ કરાવ્યા હતા. એકજ સ્કુલ માં અભ્યાસ કરતી ૩ હોસ્ટેલમાં રહેતી અને ૮ શહેરની એમ મળી કુલ ૧૧ વિદ્યાર્થીનીઓમાં કોરોના પોઝીટીવ આવી છે. જેને લઈને અર્બન વિભાગની ટીમ ઘટના સ્થળે પહોચી છે. શાળા ખુલ્યા બાદ આ બીજી ઘટના સામે આવી છે. અગાઉ જામનગરમાં જોડિયાની હુન્નર શાળાની વિદ્યાર્થિનીને કોરોના પોઝીટીવ આવી છે. ધોરણ ૧૨ માં અભ્યાસરત વિધાર્થીની કોરોના સંક્રમિત નજર આવી હતી.

એક બાજુ આજે સરકારે ધોરણ ૧૨ ના વિજ્ઞાન પ્રવાહના વિધાર્થીઓ માટે પ્રેક્ટીકલ પરિક્ષાનિ જાહેરાત કરી છે. શું હજુ પણ સરકાર પોતાના શાળા ખોલવામાં નિર્ણય ઉપર અડગ રહેશે કે પછી હજુ વધુ વિધાર્થીઓના કોરોનાગ્રસ્ત બનવાની રાહ જોશે..? આ વાત નો જવાબ તો આવનાર સમય જ લેશે. પરંતુ શકું છે કે હવે વાલીઓ પોતાના વ્હાલસોયાને શાળાએ મોકલતા પહેલા જરૂર એકવાર વિચારતા થઈ જશે.

SK FINANCE
એસ. કે. ફિનકોર્પ લિમિટેડ
(CIN : U65923RJ1994PLC009051)
રજીસ્ટર્ડ ઓફિસ : જી ૧-૨, નવી માર્કેટ, ખાસા કોઠી ચોકડી, જયપુર-૩૦૨૦૦૧
ફોન : +૯૧-૧૪૧-૪૧૬૧૩૦૦ • ઈ-મેઈલ : info@skfin.in
શાખાની ઓફિસના એડ્રેસ માટેની સૂચના
જાહેર જનતાને જણાવવાનું કે મેનેજમેન્ટના નિર્ણય મુજબ, અમે અમારી ગોધરાની બ્રાન્ચ ઓફિસ તા. ૧૧-૦૩-૨૦૨૧ થી બદલી રહ્યા છીએ. જુનુ એડ્રેસ : એસ. કે. ફીનકોર્પ લીમીટેડ, ઓફીસ નં. ૭, પહેલો માળ, કીન્ના કોમ્પલેક્ષ, હનુમાનજી મંદિર પાસે, દાહોદ રોડ, વાવડી, તા. ગોધરા, જી. પંચમહાલ (ગુજરાત) – ૩૮૯૦૦૧.
તેથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે આપની લોન અથવા તેની સંબંધીત જરૂરીયાત માટે અમારી નીચે જણાવેલ નવી શાખાનો સંપર્ક કરવા વિનંતી છે. નવુ એડ્રેસ : એસ. કે. ફીનકોર્પ લીમીટેડ, ઓફીસ નં. ૭ અને ૮, પહેલો માળ, મારુતિનંદન કોમ્પલેક્ષ, હનુમાનજી મંદિર પાસે, ગોધરા-દાહોદ રોડ, વાવડી બુઝર્ગ, તા. ગોધરા, જી. પંચમહાલ (ગુજરાત) – ૩૮૯૦૦૧
આ સંદર્ભે સર્જાયેલી અસુવિધાને લીધે અમે દિલગીર છીએ અને અમારા મૂલ્યવાન ગ્રાહકોને કૃપા કરીને અમારી સાથે સહકાર આપવા વિનંતી કરીએ છીએ.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# કડાણા તાલુકાના ૪૪ ગામોમાં કિસાન સૂર્યોદય યોજનાનો પ્રારંભ કરાવતા મંત્રી જયદ્રથસિંહ પરમાર

લુણાવાડા,
ખેડુતો માટે વીજ ક્રાંતિ લાવનાર ઐતિહાસિક કિસાન સૂર્યોદય યોજનાના બીજા ચરણમાં કડાણા તાલુકાની એકલવ્ય મોડેલ સ્કૂલ, દિવડા કોલોની ખાતેથી કૃષિ રાજ્ય મંત્રી જયદ્રથસિંહ પરમારે મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના ૪૪ ગામોમાં આ યોજનાનો શુભારંભ કરાવ્યો હતો. જેમાં કડાણા તાલુકાના ગ્રામ્ય વિસ્તારના ૧૪૮૮ ખેતીવિષયક વીજ કનેકશનોને દિવસે વીજળી મળતી થશે. જેથી આ ગામોના ખેડૂતોમાં આંનદ વ્યાપ્યો છે.


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

મંત્રી જયદ્રથસિંહ પરમારે જણાવ્યું હતું કે, છેલ્લાં ૨૦ વર્ષમાં ખેડુતો આર્થિક રીતે પગભર બને એવા આશયથી રાજય સરકારે અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે. દિવસે વીજળી અને રાત્રે આરામની વિભાવનાને સાકારિત કરવા માટે રાજય સરકારે કિસાન સૂર્યોદય યોજના અમલમાં મૂકી છે. ખેડુતો રાત્રે હેરાન ન થાય અને દિવસે જ પાકને પાણી આપી શકે એવા હેતુથી વર્ષ ૨૦૨૨ સુધીમાં તમામ ખેડૂતોને દિવસે વીજળી પૂરી પાડવામાં આવશે એમ પરમારે ઉમેર્યું હતું.

૨૪ કલાક વીજળી આપતી જયોતિગ્રામ યોજના પછીની ઐતિહાસિક એવી કિસાન સૂર્યોદય યોજનાથી ખેડૂતોની સમૃદ્ધિ તરફ રાજ્ય સરકારે વધુ એક ડગ માંડ્યું છે એમ જણાવતા મંત્રીએ વધુમાં કહ્યું કે, ખેડુત પગભર બને એ માટે અનેકવિધ કૃષિ કલ્યાણ યોજનાઓની જેમ આ યોજનાથી ખેડૂતોની વર્ષો જૂની માંગ પૂર્ણ થઈ છે. ખેડુતોને હવે દિવસે વીજળી મળતા રાતના ઉજાગરા, વન્ય પ્રાણીના હુમલા અને ઝેરી જીવજંતુઓ કરડવાનો ભય, કડકડતી ઠંડી અને ચોમાસામાં પડતી મુશ્કેલીઓથી કાયમ માટે મુક્તિ મળશે.

આ યોજના માટે રાજયમાં ૩૫૦૦ કરોડના ખર્ચે- ૬૬ કેવીની ૩૪૯૦ સર્કિટ કિ.મી. જેટલી ૨૩૪ નવી ટ્રાન્સમીશન લાઈનો તથા ૨૨૦ કેવીના નવ જેટલા નવા સબ સ્ટેશનો થકી ગુજરાતમાં વીજ માળખુ વધુ સુદ્દઢ બનાવવાની રાજ્ય સરકારની કામગીરીની વિગતો આપી આ વિસ્તારના ખેડૂતોને શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે ધારાસભ્ય કુબેરભાઈ ડીંડોરે જણાવ્યું હતું કે, ખેડુતોના કલ્યાણ માટે રાજ્ય સરકાર હંમેશા કટિબધ્ધ રહી છે. જગતના તાતને હવે દિવસે વીજળી મળવાથી સુરક્ષા અને સુવિધા મળતાં ખેતીના વિકાસને વેગ મળશે. પહેલા જેવા કઠિન દિવસો હવે ખેડુતોએ નહી જોવા પડે. પરિવારને રાત્રે પાકની સિંચાઈ માટે ખેતરે જતાં સ્વજન ખેડુતની હંમેશા ચિંતા રહેતી, જેનું હવે કાયમી માટે નિરાકરણ થયું છે.

પ્રારંભમાં મધ્ય ગુજરાત વીજ કંપનીના અધિક્ષક ઈજનેર આર. ડી. ચંદેલે સ્વાગત પ્રવચન કરી કડાણા તાલુકામાં નવી માળખાકીય સુવિધાઓમાં વર્ષ ૨૦૧૭-૨૦૧૮ માં માલવણ અને ડિટવાસ ગામે ૬૬ કેવી સબ સ્ટેશને રૂ ૮.૫ કરોડના ખર્ચે તૈયાર કરી કાર્યરત કરવા માં આવેલ છે. અને હાલમાં કાજળી ગામે ૬૬ કેવી સબ સ્ટેશન રૂ.૫ કરોડના ખર્ચે બાંધકામ પ્રગતિમાં છે. કડાણા તાલુકામાં પૂરતા પ્રમાણમાં અને નિરંતર વીજ પ્રવાહ મળી રહે તે હેતુથી કુલ ૦૨ નવા ૬૬ કેવી સબ સ્ટેશન રૂ. ૮.૫ કરોડ ના ખર્ચે ઉભા કરવામાં આવેલ છે. આમ કુલ ૧૩.૫ કરોડ ના ખર્ચે વિદ્યુત ક્ષેત્રે માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હોવાનું જણાવ્યું હતું. જયારે અંતમાં કાર્યપાલક ઈજનેર આર. જી. શાહે આભારવિધિ કરી હતી.

આ પ્રસંગે જિલ્લા કલેકટર આર.બી બારડ, જિલ્લાઉ વિકાસ અધિકારી નેહા કુમારી, જિલ્લા પોલીસ વડા આર. પી. બારોટ, નાયબ ઈજનેર આર. બી. માલીવાડ તથા જિલ્લા તાલુકાના પદાધિકારીઓ અધિકારીએ અને કિસાન અગ્રણીઓ તેમજ ખેડુતો ઉપસ્થિત રહ્યા હતા.

## મહીસાગર જિલ્લામાં આજે ૦૧ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૧૯૮૨ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે લુણાવાડા તાલુકાના ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૮-૦૧-૨૦૨૧ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૧૯૮૨ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૨ પુરૂષોએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે.

આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૯૨૩ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૪ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૧૮૬૩૮૦ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૧૮ વ્યકિતઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૪ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૦૮ દર્દી હોમ આઈસોલેશન અને ૦૩ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૩ દર્દીઓ સ્ટેબલ અને ૦૨ દર્દીઓ ઓકિસજન પર છે.

## રાજય સરકાર દ્વારા તુવેરની લઘુત્તમ ટેકાના ભાવે ખરીદવામાં આવશે

લુણાવાડા,
ખરીફ માર્કેટિંગ સિઝન ૨૦૨૦-૨૦૨૧ દરમિયાન રાજ્યમાં પ્રાઈઝ સપોર્ટ સ્કીમ (PSS) હેઠળ લઘુતમ ટેકાના ભાવેતુવેરની ખરીદી શરૂ થનાર છે.સરકાર દ્વારા તુવેરના લઘુત્તમ ટેકાના ભાવે રૂ.૬૦૦૦/- પ્રતિ ક્વિન્ટલ જાહેર કરવામાં આવેલ છે.ઉપરોક્ત વિગતેતુવેરની ખરીદી માટેખેડુતોનું ઓનલાઈન રજીસ્ટ્રેશન ગ્રામ્યકક્ષાએ તમામ ઈ-ગ્રામ સેન્ટર પર વિલેજ કોમ્પ્યુટર એન્ટરપ્રિન્યોર (VCE) મારફત તા.૩૧/૦૧/૨૦૨૧સુધી NICના i-pds પોર્ટલ (http://ipds.gujarat.gov.in) પર કરાવવાનું કરવવાનું રેહશે. જરૂર જણાયે એ.પી.એમ.સી ખાતે નોંધણી કરી શકાશે. ખરીદીનારજીસ્ટ્રેશન માટે ખેડુત દ્વારા આધારકાર્ડ,૭-૧૨ તથા ૮-અ ના ઉતારા, બેન્ક પાસબુકના પેહલા પાનાની નકલ તથા જે તે સર્વે નંબરમાં તુવેર પાકના વાવેતર અંગેનો વાવેતર વિસ્તાર દર્શાવેલો તલાટીનો દાખલો સાધનીક કાગળો તરીકે રજુ કરવાના રેહશે. જે ગામમાં ઈ-ગ્રામ સેન્ટર બંધ હોય તે સંજોગોમાં નજીકના ઈ-ગ્રામ સેન્ટર ઉપર નોંધણી કરી શકાશે. ખરીદીની પ્રકીયાતા.૦૧/૦૨/૨૦૨૧ થી૯૦દિવસ માટે માટે ચાલુ રેહનાર છે. ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમના મહીસાગર જિલ્લામાં ફાળવેલ ખરીદ કેન્દ્રો ખાતેખરીદી કરવામાં આવશે.ઓનલાઈન રજીસ્ટ્રેશન બાદ ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ દ્વારા સાધનીક કાગળોની ચકાસણી બાદ યોગ્ય જણાયેથી ખરીદી અંગેજાણ્ધ્દ્વારા ખેડુતને જાણ કરવામાં આવશે. તેમ જિલ્લા ખેતીવાડી અધિકારી,જિલ્લા પંચાયત,મહીસાગરની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## સંતરામપુર સુરેખાબા હોસ્પિટલમાં ડોકટર સાથે પોલીસે ડંડાવાળી કરવાના કિસ્સામાં ૬ પોલીસ કોન્સ્ટેબલ અને ૨ TRBને સસ્પેન્ડ કરાયા

સંતરામપુર,
સંતરામપુર સુરેખાબા હોસ્પિટલના ડોકટર સાથે પોલીસે ડંડાવાળી કરવાના બનાવમાં ૬ પોલીસ કોન્સ્ટેબલ, ૨ ટી.આર.બી.ને સસ્પેન્ડ કરાયા તેમજ સંતરામપુરના પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ.અને ટ્રાફિક જમાદારને તાત્કાલિકરૂપે બદલી કરી મહિસાગર જિલ્લા હેડકવાર્ટરમાં મુકી દેવામાં આવ્યા છે. સંતરામપુર પોલીસ સ્ટેશનનો ચાર્જ સી.પી.આઈ.ને અપાયો હતો.

સંતરામપુરના બસ સ્ટેશન પાસે આવેલ સુરેખાબા હોસ્પિટલ ખાતે તા.૧૫ ના રોજ સવારે સંતરામપુર પોલીસ આવીને હોસ્પિટલ પાસે સેફટી ટેંકના ખાડા બાબતે પોલીસે ડોકટર સાથે અપશબ્દો વાપરી તુ...તુ...મે...મે...કરી તમારા પર ફરિયાદ થઈ છે એમ કહી ડોકટરને લઈ જવાનો પ્રયાસ કરતા ડોકટર ભાગીને હોસ્પિટલમાં જતા રહ્યા હતા ત્યારબાદ ડોકટરએ કોઈ ગંભીર ગુનો કર્યો હોય એમ પોલીસનો કાફલો હોસ્પિટલમાં ધુસી હોસ્પિટલના સ્ટાફ સાથે ડંડાવાળી કરી હોસ્પિટલ ખાલી કરાવીને ડોકટરના ઘરે ધુસી કાચની તોડફોડ કરી હતી. પોલીસના આવા અભદ્ર વર્તન અને વ્યવહારથી લોકોમાં ભયનો માહોલ સર્જાયો છે.

ઘટનાને લઈ જિલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓ અને પોલીસનો કાફલો સંતરામપુર દોડી આવી અને ઘટનાની તપાસ કરી સમગ્ર ઘટના સીસીટીવી ફુટેજમાં જોઈ પોલીસના વર્તનથી અધિકારીઓએ શરમ અનુભવી હતી. અને બનાવમાં ૬ પોલીસ કોન્સ્ટેબલ, ૨ ટી.આર.બી.ને સસ્પેન્ડ કરાયા હતા તેમજ પી.આઈ.અને ટ્રાફિક જમાદારને તાત્કાલિક રૂપે બદલી કરી હતી.

## અમદાવાદથી લુણાવાડા આવતી ST બસના ડ્રાઈવર-કંડકટરો દ્વારા મનસ્વી વર્તન સાથે હોટેલો પર ઉભી કરી દેતા મુસાફરોને પરેશાની

લુણાવાડા,
ગુજરાતમાં જનતાની અવર જવર માટે સૌથી સારી સુવિધા કહેવાતી એવી જી.એસ.આર.ટી.સી.ની બસ સુવિધાને કારણે લાખો મુસાફર જનતા એક સ્થળેથી બીજા સ્થળે અવર જવર કરે છે. પરંતુ જી.એસ.આર.ટી.સી.ના કેટલાંક કંડકટર અને ડ્રાઈવર પોતાની મનમાનીના કારણે મુસાફરોને હાલાકી થઈ રહી હોવાથી ચર્ચાઓ લોકમુખે ચર્ચાઈ રહી છે. અમદાવાદથી લુણાવાડા તરફ આવતી બસ બાલાસિનોર અને લુણાવાડા વચ્ચે ૪૦ કિ.મી.નુ અંતર હોવા છતાં બસ સંચાલક દ્વારા બસમાં મુસાફરોને ખાનગી ઢાબા કે હોટલો પર રોકવામાં આવે છે અને ૩૦મિનીટની આસપાસ ઉભી રાખવામાં આવે છે. જેના કારણે બસમાં મુસાફરી કરતી પ્રજાને પોતાના કાર્ય સ્થળે જવા માટે સમયમર્યાદા હોવા છતાં આ હાલાકીનો સામનો કરવો પડે છે.

## ગોધરાના વાવડી ખુર્દ ગામે પતિ દારૂ પી ને આવતા પત્નિએ ઠપકો આપતા પત્નિને ઝેરી દવા પીવડાવી મારી નાંખવાની કોશિષ કરી

ગોધરા,
વાવડી ખુર્દ ગામે પતિ દારૂ પીને ઘરે આવતા પત્નિએ દારૂ નહિ પીવા ઠપકો આપતા પતિએ ઉશ્કેરાઈને પત્નિને અપશબ્દો બોલીને ગડદાપાટુનો માર મારી પત્નિને બળજબરીપુર્વક ઝેરી દવા પાણીમાં પીવડાવીને જાનથી મારી નાંખવાની કોશિષ કરી હતી. વચ્ચે છોડાવવા પડેલ વ્યકિતને પણ પતિએ લાફાઓ મારીને તેને પણ ધમકીઓ આપી હતી. પતિ અવાર નવાર કોઈ કારણોસર ઝધડો કરીને શારીરિક-માનસિક ત્રાસ આપતો હોવાની પોલીસ ફરિયાદ ગોધરા તાલુકા પોલીસ મથકે પત્નિએ નોંધાવી હતી.

## ખાનપુર ખાતે આર.એન્ડ બી.દ્વારા ચાલતી રોડ બનાવવાની પ્રક્રિયામાં ભેદભાવ થતો હોવાનો આક્ષેપ

ખાનપુર,
લીમડીયાથી મુનપુર સુધી નવીન રસ્તો જે બની રહ્યો છે તે રસ્તાની વચ્ચે અડચણરૂપ ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યા હતા. જેને તોડવાની કામગીરી ખાનપુર ચોકડી ખાતે આર.એન્ડ બી.વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે ત્યારે આર.એન્ડ બી. દ્વારા ભેદભાવની નિતી રાખવામાં આવતી હોવાનો આક્ષેપ સ્થાનિકો દ્વારા કરવામાં આવી રહ્યો છે. જેને કારણે કારણે વિભાગ સામે રોષની લાગણી જોવા મળી હતી. રોડના મધ્યભાગથી બંને બાજુ ૧૨ મીટર વચ્ચે આવતા તમામ દબાણ દુર કરવાના હતા. પરંતુ આર.એન્ડ બી.દ્વારા એક સાઈડ ૧૨ મીટર અને બીજી બાજુ ૧૦ મીટર તોડવામાં આવતા સ્થાનિકોમાં રોષની લાગણી જોવા મળી હતી.

## ઘોઘંબાની મોટી નિકોલની સગીર યુવતિને લગ્નના ઈરાદે ભગાડી જતાં ફરિયાદ

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના મોટી નિકોલ ગામની સગીર વયની યુવતિને લગ્નના ઈરાદે તેમજ શોષણ કરવાના ઈરાદે અછાલા ગામેનો યુવાન ભગાડી જતાં આ બાબતે દામાવાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના મોટી નિકોલા ગામની ૧૫ વર્ષીય સગીર યુવતિને ૨૪ ડિસેમ્બરના રોજ લગ્નની લાલચ આપી શારીરિક શોષણ કરવાના ઈરાદા થી સગીર યુવતિને તેના પિતાના વાલીપણામાંથી ભગાડી ગયેલ હોય તેવા આરોપી રાહુલ મોહનભાઈ બારીયા રહે.અછાલા વિરૂદ્ધ દામાવાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે. પોલીસે ૩૬૩,૩૬૬ મુજબ ગુનો નોંધી ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે.

## વડોદરામાં વેકસીન લીધા બાદ ૧૦ લોકોને તાવ અને ચક્કરની અસર

વડોદરા,
દેશમાં કોરોના મહામારી વચ્ચે વેક્સીનેશન અભિયાન શરૂ થઈ ગયું છે. પરંતુ આ વચ્ચે ઘણા લોકોમાં વેક્સીનની આડઅસર જોવા મળી રહી છે. ત્યારે વડોદરા જિલ્લામાં પણ વેક્સીન લીધા બાદ ૫ મહિલા સહીત ૧૦ લોકોને તાવ અને ચક્કર આવતા હોવાના સમાચાર સામે આવ્યા છે. વડોદરા શહેર જિલ્લામાં કોરોના વેક્સીન લીધા બાદ ૫ મહિલા સહીત ૧૦ લોકોમાં તાવ અને ચક્કર આવતા હોવાનું જાણવા મળ્યું હતું. જો કે, તેમાંથી ૫ લોકોને કોઈપણ દવા લીધા વગર સારું થઈ ગયું હતું. ત્યારે એક આશા વર્કરને પોરની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જો કે, આ તમામ લોકોમાં તાવના સમાન્ય લક્ષણો જોવા મળ્યા હતા. દેશમાં કોરોના મહામારી વચ્ચે વેક્સીનેશન અભિયાન વચ્ચે ઘણા લોકોમાં વેક્સીનની પ્રતિકૂળ અસર જોવા મળી છે.

(પાન નં.૧ નું ચાલુ)

### વડાપ્રધાન મોદીની અમદાવાદ.....

આ કદાચ જ કોઈ ભૂલી શકે છે. અમદાવાદની ઓળખે મેટ્રો સાથે જોડાયુ છે. મોટેરા સ્ટેડિયમથી મહાત્મા મંદિર નિર્માણ કરવામાં આવશે, તો ગુજરાત નેશનલ લો યુની. થી ગિફ્ટ સીટી ને જોડાશે. જેનો લાભ લાખો લોકોને મળશે. અમદાવાદ બાદ સુરત બીજુ એવું શહેર છે જે મેટ્રોથી જોડાશે. સુરતમાં મેટ્રો નેટવર્ક એક રીતે સમગ્ર શહેરના મહત્વપૂર્ણ વેપારી કેન્દ્રને જોડશે. આજે આપણે શહેરોના પરિવહનને એકીકૃત સિસ્ટમ તરીકે વિકસાવી રહ્યા છીએ. એટલે કે એટલે કે, બસ, મેટ્રો, રેલ એ બધા પોતપોતાની રીત પ્રમાણે ન ચાલવા જોઈએ, પરંતુ સામૂહિક પ્રણાલી તરીકે કામ કરવું જોઈએ, એક બીજાને પૂરક બનાવશે.

તેમણે વધુમાં જણાવ્યું કે, આજે સુરતની આબાદીને જોઈએ તો દેશનું આઠમું મોટું શહેર છે. જ્યારે દુનિયાનું ચોથુ સૌથી ઝડપી વિકસિત થતું શહેર છે. તેમણે વધુમાં જણાવ્યું કે, ગુજરાતના શહેરો તેમજ ગ્રામીણ વિસ્તારોમાં વર્ષોથી અભૂતપૂર્વ વૃદ્ધિ જોવા મળી છે. ખાસ કરીને ગામમાં છેલ્લા બે દાયકામાં માર્ગ, વીજળી અને પાણીની સ્થિતિમાં સુધારો થયો છે. ગુજરાતની વિકાસયાત્રામાં તે ખૂબ જ મહત્વપૂર્ણ અધ્યાય છે.

પીએમ મોદીએ જણાવ્યું કે, છેલ્લા ૬ વર્ષમાં દેશમાં આરોગ્ય સેવાઓ સંબંધિત યોજનાઓ શરૂ થઈ છે, ગુજરાતને પણ ખૂબ વ્યાપકપણે આ લાભ મળી રહ્યો છે. આયુષ્માન ભારત યોજના અંતર્ગત ગુજરાતના ૨૧ લાખ લોકોને નિઃશુલ્ક સારવાર મળી છે.

આપણામાંના મોટા ભાગના લોકોએ તે સમય જોયો છે જ્યારે ટ્રેન અને ટેક્ર દ્વારા ગુજરાતના ગામડાઓમાં પાણી પહોંચાડવું પડતુ હતું. હવે ગુજરાતના દરેક ગામમાં પાણી પહોંચ્યું છે. એટલું જ નહીં, હવે લગભગ ૮૦% ઘરોમાં નળમાંથી પાણી મળી રહ્યું છે. જળ જીવન મિશન અંતર્ગત રાજ્યમાં ૧૦ લાખ નવા જળ જોડાણો પૂરા પાડવામાં આવ્યા છે. નળમાંથી પાણી ખૂબ જ જલ્દીથી ગુજરાતના દરેક ઘરે પહોંચશે.

સિંચાઈ માટે, આજે ગુજરાતના એવા વિસ્તારોમાં પણ પાણી પહોંચ્યું છે, જ્યાં એક સમયે સિંચાઈ સુવિધા અશક્ય માનવામાં આવતી હતી. તે સરદાર સરોવર ડેમ, સૌની યોજના, વોટર ગ્રીડનું નેટવર્કના કારણે. ગુજરાતના દુષ્કાળગ્રસ્ત વિસ્તારોને લીલોતરી આપવા માટે વિસ્તૃત કામગીરી કરવામાં આવી છે.

### અમદાવાદ મેટ્રો ફેઝ-૨ પ્રોજેક્ટ.....

પણ ઓળખવામાં આવશે તેવુ મેટ્રો ના એમ.ડી. અમિત ગુપ્તાએ જણાવ્યું હતું.

અમિતભાઈએ વધુમાં જણાવ્યું હતું કે આ મેટ્રો ટ્રેન થી ૮ લાખ મુસાફરો બધું જ બધું જ મુસાફરી કરી શકશે, ઉપરાંત અમદાવાદ અને ગાંધીનગરના રહેવાસી સરળતાથી એક સ્થળેથી બીજા સ્થળે જઈ શકે છે જ્યારે આવી જગ્યાએ મહત્વના સ્ટેશનો પણ રાખવામાં આવ્યા છે જ્યારે અમદાવાદ મોટેરા થી જૂની સચિવાલય સુધી પણ સરકારી કર્મચારીઓને આવવા-જવા માટે સરળતા રહેશે.

### પૂંજી પતિઓનું દેવું માફ....

ટ્વીટ કર્યું કે પોતાના સૂટ બૂટ વાળા મિત્રોને ૮, ૭૫,૦૦૦ કરોડનું દેવું માફ કરનારાની મોદી સરકાર અન્નદાતાઓની પૂંજી સાફ કરવામાં લાગી છે.

આવું પહેલી વાર નથી થયું જ્યારે રાહુલ ગાંધીએ મોદી સરકાર પર નિશાનો સાધ્યો હોય. ખેડૂત આંદોલનને લઈને રાહુલ ગાંધી સતત મોદી સરકાર પર હુમલો કરતા રહ્યા છે. ત્યારે રોજના ટ્વીટ કરી અથવા નિવેદન આપીને પોતાની વાત રાખતા રહ્યા છે. લગભગ એક મહિનાથી ખેડૂત કૃષિ કાયદાને રદ્દ કરાવવા માટે ધરણા પર બેઠા છે. આ પહેલા રાહુલ ગાંધી ત્યાં સુધી કહી ચૂક્યા છે કે તે પ્રધાનમંત્રી દેશના ખેડૂતોને ઈજ્જત નથી કરતા અને વારંવાર વાતચીત કરી ફક્ત ખેડૂતોને થકાવવા માંગે છે. રાહુલ ગાંધીએ આ દાવો કર્યો હતો કે નરેન્દ્ર મોદી ભલે દેશના પ્રધાનમંત્રી હોય પરંતુ તેમનું રિમોર્ટ કન્ટ્રોલ કેટલાક ઉદ્યોગપતિના હાથમાં છે.

રાહુલ ગાંધી અને પ્રિયંકા કૃષિ કાયદાની વિરુદ્ધ ઉપ રાજ્યપાલના નિવાસની નજીક આયોજિત કોંગ્રેસના વિરોધ પ્રદર્શનમાં સામિલ થયા હતા. આ પ્રસંગ પર રાહુલ ગાંધીએ કહ્યુ હતુ કે કોંગ્રેસ ખેડૂતોની સાથે ઉભી છે. સરકારે આ ૩ કાયદા પાછા લેવા પડશે. સરકાર જ્યાં સુધી કાયદા પાછા નથીં લેતી ત્યાં સુધી કોંગ્રેસ પીછે હટ નથી કરવાની.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૧૯-૦૧-૨૦૨૧, મંગળવાર, પોષ સુદ-૬, સૂર્યોદય-૭-૧૪, સૂર્યાસ્ત-૫-૪૯, જૈન નવકારશી-૮-૧૮, આજની રાશિ : મીન (દ.ચ.ઝ.થ.), નક્ષત્રઃ રેવતી

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૧૨-૩૪થી અભિજીત-૧૩-૧૮ સુધી, ૭-૩૦થી શુભ-૮-૫૨ સુધી, ૧૧-૩૫ થી ચલ-લાભ-અમૃત-૧૫-૩૯ સુધી, ૧૭-૦૧થી શુભ-અમૃત-ચલ-૨૧-૩૯ સુધી<br><br>- શુભ હોરા-<br>૭-૩૦થી ૮-૨૪ સુધી, ૧૦-૧૩થી ૧૨-૫૬ સુધી, ૧૩-૫૦થી ૧૪-૪૫ સુધી, ૨૬-૩૩ થી ૧૯-૨૮ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૧૯.૦૧.૨૦૨૧ મંગળવાર

મેષ (અ.લ.ઈ.) :- ઈષ્ટદેવની કૃપાથી રાહત ધાર્મિક ઉપાસનાથી લાભ, વાતાવરણ સુમેળભર્યું રહે. માનસિક ચિંતા હળવી બને.

વૃષભ (બ.વ.ઉ.) :- ધર્મઆધ્યાત્મિક ક્ષેત્રે રુચિ વધતી જણાય. યાત્રા પ્રવાસનું આયોજન થાય. આરોગ્ય સંભાળવું.

મિથુન (ક.છ.ઘ.) :- જમીન-મકાન, વાહનનોયોગ, આરોગ્ય સુખાકારી વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી બને.

કર્ક (ડ.હ.) :- આકસ્મિક ધનલાભ થાય. સ્વાસ્થ્ય સારુ રહે. આવકમાં વધારો થાય. વડીલોનું માર્ગદર્શન મળી રહે.

સિંહ (મ.ટ.) :- સટ્ટાકિય બાબતોથી સંભાળવું નાણાંકીય સ્થિતિ મજબૂત બને. આવકનું પ્રમઆમ જળવાઈ રહે.

કન્યા (પ.ઠ.ણ.) :- રોજગારીની નવી તકો મળે. માનસિક ચિંતા હળવી બને. આવકનું પ્રમાણ જળવારી રહે. આકસ્મિક ધન લાભ થાય.

તુલા (ર.ત.) :- નોકરિયાતવર્ગને ઉપરી અધિકારીનું માર્ગદર્શન મળે. પ્રમોશન મલે. આવકનું પ્રમાણ જળવાયેલું રહે.

વૃશ્ચિક (ન.ય.) :- દિવસ આનંદમય પસાર થાય. કૌટુંબિક વાતાવરણ સુમેળ ભર્યું રહે. યાત્રા-પ્રવાસ શકય બની રહે.

ધન (ભ.ધ.ફ.ઢ.) :- માનસિક ચિંતા હળવી બને. રાજકીય ક્ષેત્રે લાભ થશે, પરંતુ જવાબદારીમાં વધારો થઈ શકે છે.

મકર (ખ.જ.) :- કાયદાકીય પ્રશ્નો હલ થાય. માનસિક ચિંતા ઓછી થાય. નોકરીમાં ફાયદો. આવકનું પ્રમાણ જળવાઈ રહે.

કુંભ (ગ.શ.સ.) :- વારસાગત મિલકતના પ્રશ્નો હલ થાય. આરોગ્ય સાચવવું, અભ્યાસમાં પ્રગતિ. લગ્નઉત્સુકો માટે ઉત્તમ સમય.

મીન (દ.ચ.ઝ.) :- નોકરી ધંધામાં પ્રગતિ. ધંધાનું આયોજન સફળ બને. માનસિક ચિંતા હળવી બને. સમય શુભ.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## આનંદો ! કડાણા સિંચાઈ યોજના થકી દાહોદ જિલ્લાના ૨૯ તળાવોમાં મહી નદીના પાણી પહોંચ્યા



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ખેડૂતો માટે રાજય સરકાર સરકારની મહત્વાકાંક્ષી કડાણા ઉદ્વહન સિંચાઇ યોજનાએ સમૃદ્ધિના પાણી લાવવાની શરૂઆત કરી દીધી છે. મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ આ યોજનાને લોકાર્પિત કર્યા બાદ અત્યાર સુધીમાં ૨૯ તળાવો, બે કોતરો અને બે જળાશયો સુધી મહી નદીના પાણી પહોંચી ચૂક્યા છે. દાહોદ જિલ્લાના ખેડૂતોની ૧૦ હજાર હેક્ટર જમીનમાં બારેય માસ સમૃદ્ધિનો પાક લહેરાતો હોય એ દિવસો હવે બહુ જાજા દૂર નથી.

કલેક્ટર વિજય ખરાડીએ જણાવ્યું કે, કડાણા ડેમ પરથી સિંચાઇ વિભાગ દ્વારા આ યોજના માટે રોજનું ૧૨૦ ક્યેસેક પાણી ઉપાડવામાં આવી રહ્યું છે. સવારે ૬ વાગ્યાથી પાણી ઉપાડવાની કામગીરી શરૂ કરી દેવામાં આવે છે અને છેક રાતના ૮-૯ વાગ્યા સુધી એટલે કે રોજના ૧૪થી ૧૫ કલાક સુધી પાણી ઉપાડવામાં આવી રહ્યું છે અને તળાવોમાં આ પાણી છોડવામાં આવે છે. હાલના તબક્કે સિંચાઇ વિભાગ દ્વારા લાઇનની પાણી નાખવાની સાથે લાઇનની ચકાસણી પણ કરવામાં આવી રહી છે. જેથી કોઇ ખામી હોય તો તે પહેલથી જ દુરસ્ત થઇ શકે.

દાહોદ જિલ્લાના ખેડૂતોમાં પણ આ યોજનાને લઇ ભારે ઉત્સાહ પ્રવર્તે છે. સાંસદ જસવંતસિંહ ભાભોરની આગેવાનીમાં ખેડૂતોએ તળાવમાં મહી નદીના જળનો વધામણા કર્યા હતા. છેલ્લા ત્રણ દિવસથી પાટાડુંગરી ઠક્કર બાપા જળાશયમાં લગાતાર પાણી ઠાલવવામાં આવી રહ્યું છે. જેના કારણે તેની જળ સપાટીમાં સવા ફૂટનો વધારો થયો છે. આ જળાશયનું ટોપ લેવલ ૫૬૦.૫૦ ફૂટ છે. તે આજ તા. ૧૮ની સ્થિતિએ ૫૫૫.૮૦ ફૂટ ભરાયો છે. તેની ક્ષમતા ૪૧ મિલિયન ઘન મિટર છે.

જે તળાવોમાં પાણી નાખવામાં આવ્યું, તેની યાદી જોઇએ તો ગોઠીબના બે તળાવ, ઉખરેલી, ભંડારા, મારગાળા, જવેસી, જેતપુર, કડવાલ, બાજરવાડા, લીમડી, પારેવા, સાપોઇ, મોટી હાંડી, બિલવાણી, ડોકી, સાકરદા, ખરેડી, ઉસરવાણ, છાપરી, દેલસર, ઝાલત, ઉસરી, લીલર, દેવધા, ગોલાણા, આંબા-૩ અને આંબા-૪, મુણધા ગામના તળાવોમાં મહી નદીના પાણી પહોંચી ગયા છે.

આગામી ટૂંક સમયમાં અદલવાડા, વાંકલેશ્વર અને ઉમરિયા જળાશયમાં પાણી પહોંચે એવું સિંચાઇ વિભાગનું આયોજન છે.

## શ્રી રામ જન્મભૂમિ નિર્માણ નિધિ સમર્પણ અભિયાન અંતર્ગત વિશ્વ હિન્દુ પરિષદ દાહોદ દ્વારા ભંડોળ ફાળો ઊઘરાવવાની કામગીરી હાથ ધરાઇ

દાહોદ,

શ્રી રામ જન્મભૂમિ નિર્માણ નિધિ સમર્પણ અભિયાનનો આરંભ ૧૫તારીખ ના રોજ દાહોદજિલ્લા નગરમાં કરવામાં આવ્યો. વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા મંદિર નિર્માણ કાર્ય માટે ભંડોળ ફાળો એકત્ર કરવા માટે અને સંપર્ક કરવા માટે નિધિ સમર્પણ અભિયાન શુક્રવારે રોજ થી આખા દેશ અને જિલ્લામાં પ્રારંભ કરવામાં આવેલ છે

મકરસંક્રાંતિ પર્વના શુભ દિવસે દેવગઢ બારીયા રાજવી પરિવારના રાજમાતા ઉર્વશીદેવીજી તેમજ મહારાજા તુષારસિંહજી ના વરદ હસ્તે શ્રી રામ જન્મભૂમિ મંદિર ( અયોધ્યા )નિર્માણ નીધિ ૧૦૦૦૦૧/-(એક લાખ એક) આપી દાહોદ જિલ્લાના ના દેવગઢ બારીયા થી શુભ શરૂઆત કરવામાં આવી હતી.

ગુજરાત સરકાર ના માનનીય મંત્રી બચુભાઈ ખાબળ ના નિવાસસ્થાને શ્રીરામ જન્મભૂમિ મંદિર નિર્માણ નિધી સમર્પણ અભિયાન સમિતિ ધાનપુર આવી ત્યાં મંત્રી દ્વારા ૧,૧૧,૧૧૧/- ચેક અર્પણ કરી ધાનપુર તાલુકા ની નિધિ એકત્રીકરણ ની શરૂઆત કરી.

સાંસદ જશવંતસિંહ ભાભોર દ્વારા શ્રીરામ જન્મભૂમિ મંદિર અયોધ્યા નિર્માણ નિધિ માટે ૧,૫૧,૦૦૦/- રૂપિયા નો ચેક આપવામાં માટે જિલ્લા અભિયાન કાર્યાલય જ્ઞાનદીપ હોલ ગોવિંદનગર પર આવ્યા હતા સાથે જિલ્લા ભાજપ પ્રમુખ શંકર ભાઈ અમલિયાર દ્વારા ૫૧૦૦૦નું સમર્પણ કરવા માં આવ્યું હતું સાથે નગર ના વેપારી મિત્રો સાથે આવી અભિયાન ના શુભારંભ ના દિવસે પોતાનો સમર્પણ લખાયું હતું. દાહોદ નગર નું અભિયાન નું પ્રારંભ સાગર સિલેક્શન પરિવાર દ્વારા કરવા માં આવ્યું હતું. ઝાલોદ નગર નું અભિયાન નું શુભારંભ વસંત મસાલા ઉદ્યોગ પરિવાર દ્વારા સમર્પણ આપી કરવામાં આવ્યું હતું. આજ રવિવાર સવાર સુધી સમસ્ત જિલ્લા માં થી ૧૧લાખ ઉપરાંત નું સંપર્પણ થયું છે આ આખા અભિયાન માં જિલ્લા સંઘચાલક, જિલ્લા / તાલુકા અભિયાન પ્રમુખ તેમજ જિલ્લા - તાલુકાના સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા

હજી આવા સંપર્કો કરી મન્દિર નિર્માણ અભિયાન માં જોડવા માટે સમિતી સતત સંપર્કમાં છે. શહેર માં દરેક પરિવાર સુધી પહોંચવા ૩૧જનવરી સવારે ૧૦વાગે શહેર માં ૧૪ટિમ માં ૪૦૦ ઉપરાંત કાર્યકર્તા એક સાથે દાહોદ શહેર ના ઘરો નું સમ્પર્ક કરી અભિયાનમાં દરેક સનાતન પ્રેમી પરિવારનું સમર્પણ સ્વીકારશે.

## દાહોદમાં અધૂરા માસે જન્મેલા જોડિયા બાળકોને ૫૧ દિવસની સઘન સારવાર બાદ મળ્યું નવજીવન



દાહોદ,

દાહોદમાં બનેલા એક મેડિકલ મિરેકલના બનાવમાં અધુરા માસે જન્મેલા અને શારીરિક રીતે તદ્દન અસક્ષમ જોડિયા બાળકોને ૫૧ દિવસની સઘન સારવાર બાદ નજીવન મળ્યું છે. વિશેષ વાત તો એ છે કે આ બાળકોના વાલીની આર્થિક સ્થિતિ સારી ન હોવાના કારણે રાજય સરકારની બાળ સખા યોજના ઉપરાંત તબીબનું માનવતાવાદી વલણ તેમના માટે મદદરૂપ બન્યું છે.

દાહોદ તાલુકાનાં દસલાના શ્રમિક પરિવારની આરતીબેન નિકેશભાઈ સંગાડાએ ૨૫ નવેમ્બરના રોજ અધૂરા માસે દાહોદની ખાનગી હોસ્પિટલમાં જોડીયા બાળકો ને જન્મ આપ્યો હતો. બંને બાળકો પૈકી એકનું વજન એક કિલો અને બીજા બાળકનું માત્ર ૯૫૦ ગ્રામ વજન હતું. અત્યંત નાજુક હાલતમાં બંને બાળકોને દાહોદની લબાના ચિલ્ડ્રન હોસ્પિટલ માં એનઆઈસીયુમાં રાખવામા આવ્યા હતા. એ દરમિયાન, બન્ને શ્વાસ લેવામાં ભારે તકલીફ હતી. તેના ફેંફસાનો સંપૂર્ણ વિકાસ થયો નહોતો. તેથી બન્ને બાળકોને કાચની પેટી એટલે કે, વોર્મરમાં રાખવામાં આવ્યા હતા. જયાં તેમના શરીરનું તાપમાન ૩૭ ડિગ્રી આસપાસ રહે તેની ડો. રાકેશ લબાના અને તેમની ટીમ દ્વારા સતત તકેદારી રાખવામાં આવી હતી. સાથે, બન્ને બાળકોને સીપાસ મશીનના સહારે પણ રખાયા હતા. સરફેટન્સ નામક ઈન્જેક્ટશન પણ અપાયા હતા.

જયાં ૫૧ દિવસ ની સઘન સારવાર બાદ બાળકો દોઢ કી.ગ્રા વજન સાથે તંદુરસ્ત જણાતા હોસ્પિટલથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યા હતા સરકાર દ્વારા ચાલતી બાળ સખા યોજના અંતર્ગત આ ગરીબ પરિવારને સહાય કરવામાં આવી હતી. જ્યાં તેમના બાળ સખા યોજના અંતર્ગત રૂ. ૪૯ હજારની સહાય મળી ઉપરાંત બિલના વધારાની રકમ ડો. લબાનાએ બાળકોના વાલીની સ્થિતિને ધ્યાને રાખીને જતી કરી હતી.

## દાહોદ જીલ્લામાં ૩૨માં માર્ગ સલામતી સપ્તાહ નિમિતે કાર્યક્રમ યોજાયો

દાહોદ,

આજે ૩૨માં માર્ગ સલામતી સપ્તાહ નિમિત્તે દાહોદ એ.આર.ટી.ઓ. કચેરી, દાહોદ દ્વારા કચેરી ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જયાં એ.આર.ટી.ઓ.ના અધિકારીઓ દ્વારા કર્મચારીઓ સાથે સાથે વાહન ચાલકોને ટ્રાફિક ના નિયમો માર્ગ સલામતીના નિયમો તેમજ માર્ગ અકસ્માત થી કેવી રીતે બચી શકાય તે વિશેની વિસ્તૃત માહિતી આપી લોકોને જાગૃત કર્યા હતાં. આ કાર્યક્રમમાં ડી.વાય.એસ.પી.દાહોદ ટાઉન પોલીસ ઉપસ્થિત રહ્યાં હતાં.

છેલ્લા ૩૧ વર્ષોથી અકસ્માતના નિવારણના ભાગરૂપે મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવે દ્વારા દર વર્ષે માર્ગ સલામતિ સપ્તાહનું આયોજન કરવામાં આવે છે પરંતુ આ વર્ષે મોર્થ દ્વારા નેશનલ રોડ સેફટી મંચ - ૨૦૨૧ની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં દાહોદ એ.આર.ટી. કચેરી પણ જોડાઈ છે અને એક સપ્તાહ સુધી માર્ગ સલામતી કાર્યક્રમની ઉજવણી કરવાનું નક્કી કર્યું છે. ત્યારે આજે પ્રથમ દિવસે દાહોદ એ.આર.ટી.કચેરી ખાતે કચેરીના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ વાહન ચાલકો મોટી સંખ્યામાં આ કાર્યક્રમમાં જોડાયા હતાં. મુખ્ય મહેમાન તરેકી આ કાર્યક્રમમાં દાહોદ ડી.વાય.એસ.પી. તેમજ દાહોદ ટાઉન પી.આઈ. હાજર રહ્યાં હતાં. અધિકારીઓએ વાહન ચાલકોને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા તેમજ અકસ્માતથી કેવી રીતે બચી શકાય તે વિશેની વિસ્તૃત માહિતી આપી હતી સાથે જ હેલ્મેટ પહેરવાની પણ અપીલ કરી હતી. બીજી તરફ આજે દાહોદ રેલ્વે સ્ટેશન બહાર રાજકીય રેલ્વે પોલીસ દ્વારા આવતા જતા વાહન ચાલકોને નિયમોનું પાલન કરવાનું જણાવી ઉજવણી કરવામાં આવી રેલ્વે પોલીસ દ્વારા વાહનચાલકોને લોકોને ગુલાબનું ફૂલ આપી સમજણ આપી હતી. હાથમાં લોક જાગૃતિના બેનરો લઈ કોરોના સંદર્ભે પણ જનજાગૃતિ ફેલાય તે માટે લોકોને ફૂલ આપીને માસ્ક ફરજિયાત પહેરવા અપીલ પણ કરવામાં આવી હતી. મોટર સાઈકલ ચલાવતા સમયે હેલ્મેટ અને ચાલુ ગાડીએ ફોન પર વાત ન કરવા પણ વાહનચાલકોને જણાવવામાં આવ્યું હતું.

## ભારતીય ટ્રાઈબલ પાર્ટી દ્વારા દાહોદ તાલુકાના ખરોડ ગામે મિટિંગનું આયોજન

દાહોદ ,

આજરોજ દાહોદ જિલ્લાના ખરોદા ગામે યુવા અગ્રણી કલ્પેશભાઇ ડામોર,તથા લલિતભાઇ ડામોરની આગેવાની હેઠળ ભારતીય ટ્રાઈબલ પાર્ટીના જીલ્લા મેડાની હાજરીમા ખારોદા તાલુકા સીટ માટેની મીટિંગનુ આયોજન કરવામાં આવ્યું. જેમાં જીલ્લા પ્રવકતા દિવ્યકાંત ડામોર,દાહોદ તાલુકા યુવા મોરચા પ્રમુખ સંજય હઠીલા, તાલુકા પ્રવક્તા મસુલ પારગી હાજર રહ્યા અને ગ્રામજનો તથા યુવાઓ એ ખૂબ જ સારો પ્રતિભાવ આપ્યો.જેમાં સંસ્કૃતિ હકક-અધિકાર વિશે ચર્ચા કરી.એકતા સંમેલનમાં જેટલા આદિવાસી નેતાઓ નથી આવ્યા એમને આદિવાસીઓ જોડે કોઈ જ મતલબ નથી એવું સાબિત થયું જેનો બદલો યુવાનો આગામી ચૂંટણી માં વોટ આપીને લેશે તેવું પણ નક્કી કર્યું.

## દાહોદ શહેરના ગોધરા રોડ ખાતે એક બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી કુલ રૂ.૯૮,૫૦૦ની ચોરી કરી તસ્કરો ફરાર

દાહોદ,

દાહોદ શહેરના ગોદીરોડ વિસ્તાર ખાતે એક બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી મકાનની બારીમાંથી પ્રવેશ કર્યો હતો અને મકાનમાં મુકી રાખેલ સોના - ચાંદીના દાગીના, રોકડા રૂપીયા, ઘડીયાળ વિગેરે મળી કુલ રૂા.૯૮,૫૦૦ની મત્તાનો તસ્કરો હાથફેરો કરી લઈ નાસી જતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંદાવા પામી છે. સાથે જ આ તસ્કરીથી ગોદી રોડ વિસ્તારમાં લોકો ફફડાટ પણ ફેલાયો છે.

દાહોદ ગોદી રોડ વિસ્તાર ખાતે રામનગર પાછળ આવેલ યોગેશ્વર સોસાયટીમાં રહેતા ભુપેન્દ્રભાઈ આસનદાસ પેલુમલ જોબનપુરાના બંધ મકાનને ગત તા.૧૬મી જાન્યુઆરીના રોજ તસ્કરોએ નિશાન બનાવ્યું હતું અને મકાનની બારીમાંથી અજાણ્યા તસ્કરોએ પ્રવેશ કરી મકાનમાં મુકી રાખેલ રોકડા રૂપીયા ૫,૦૦૦ હજાર, ૧૦ નંગ સોનાની વીટી, ૦૯ જોડ સોનાના એરીંગ, એક દિવાલ ઘડીયાળ, પાંચ જોડ ચાંદીના પાયલ, ૧૪ ચાંદીના સિક્કા, નાના છોકડાના હાથમાં પહેરવાના કડા નંગ.૦૪ વિગેરે મળી કુલ રૂા.૯૮,૫૦૦ની મત્તાની તસ્કરો ચોરી કરી લઈ નાસી વિસ્તારમાં ખળભળાટ સાથે તસ્કરોના આતંકથી લોકોમાં ચોરીના ભય સાથે ફફડાટ પણ ફેલાવા પામ્યો છે.

આ સંબંધે ભુપેન્દ્રભાઈ આસનદાસ પેલુમલ જોબનપુરા દ્વારા દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## દાહોદ જીલ્લામાં આજરોજ ૦૨ કોરોના કેસ નોંધાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે વધુ ૦૨ કોરોના કેસો નોંધાયા છે. જિલ્લામાં છેલ્લા એક માસથી કોરોના સંક્રમણના કેસોમાં ઘટડો નોંધાઈ રહ્યો છે ત્યારે ટુંક સમયમાં જિલ્લો કોરોના મુક્ત થવાની કગારે હશે તેવી આશાઓ પણ વ્યક્ત કરાઈ રહી છે. આર.ટી.પી.આર.ના ૧૫૬ પૈકી ૦૦ અને રેપીટ ટેસ્ટના ૪૧૨ પૈકી ૦૨ કેસો સાથે જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૨૭૬૯ ને પાર થવા પામ્યો છે. આજે વધું ૧૩ દર્દીઓએ હોસ્પિટલમાંથી રજા લેતાં એક્ટીવ કેસની સંખ્યા ૪૭ પર પહોંચી છે અને અત્યાર સુધી કોરોનાથી કુલ મૃત્યુઆંક ૯૬ ને પાર કરી ચુક્યો છં.

## ઝાલોદના મલેણીયા ગામે ડમ્પર ચાલકે ST ને ટકકર મારી નુકસાન કરતા ફરિયાદ

દાહોદ,

ઝાલોદ તાલુકાના ટાંન્ડી ગામમાં રહેતા અને એસ.ટી.વિભાગમાં ડ્રાઇવરની નોકરી કરતા રમેશભાઈ પુજાભાઈ દહમાં ઝાલોદ ડેપોની જીજે-૧૮-ઝેડ-૪૪૦૨ નંબરની એસ.ટી.બસમાં કંડકટર દશરથસિંહ મોહનસિંહ રાઠોડ બંને ઝાલોદ-સુરત બસ લઈને સુરતથી ઝાલોદ આવતા હતા. ત્યારે વહેલી સવારના ત્રણેક વાગ્યાના અરસામાં ઝાલોદ નજીક મેલણીયા ગામે હાઈવે ઉપર સામેથી આવતુ એક બાર વ્હિલર જીજે-૦૯-એ.યુ.-૨૧૨૧ નંબરના ડમ્પરના ચાલકે પોતાનુ વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે રોંગ સાઈડમાં હંકારતા એસ.ટી.બસને ટકકર મારી હતી. જેમાં એસ.ટી.બસનુ અંદાજે રૂ.૨૫ હજાર ઉપરાંતનુ નુકસાન થવા પામ્યુ હતુ. અકસ્મત સર્જી ડમ્પરનો ચાલક પોતાના કબ્જાનુ વાહન મુકી ભાગી છુટ્યો હતો. આ બાબતે બસના ડ્રાઈવર દ્વારા ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

## દેવગઢ બારિયા તાલુકાના સીમલીયાઘસી ગામે પોલીસે રૂપિયા ૧,૪૧,૮૪૦ના પ્રોહી જથ્થા એકની અટક કરી

દે.બારીયા,

દેવગઢ બારીઆ તાલુકાના સીમળીયાઘસી ગામે પોલીસની નાકાબંધી દરમ્યાન એક બોલેરો ગાડીમાંથી પોલીસે કુલ રૂા.૧,૪૧,૮૪૦ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા.૫,૪૬,૮૪૦ના મુદ્દામાલ સાથે એકની અટક કર્યાનું જાણવા મળે છે જ્યારે વધુ બે જણાની પોલીસે ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

દિલીપભાઈ બાબુભાઈ પટેલ (રહે.ઝાબીયા,વેડીયા ફળિયું,તા.દેવગઢ બારીઆ), નરવતભાઈ શંકરભાઈ બારીયા (રહે.સીમળાઘસી, તા.દેવગઢ બારીઆ) અને અલ્કેશભાઈ બાબુભાઈ ગમાર (રહે.ટીમરવા, તા.દેવગઢ બારીઆ) આ ત્રણેય જણા એકબીજાના મેળાપીપળામાં પોતાના કબજાની એક બોલેરો ગાડીમાં વિદેશી દારૂની હેરાફેરી કરતાં હતાં. આ દરમ્યાન ગત તા.૧૭મી જાન્યુઆરીના રોજ આ ત્રણેય જણા એક બોલેરો ગાડીમાંથી વિદેશી દારૂ તથા બીયરનો જથ્થો લઈ સીમળીયાઘસીથી પસાર થઈ રહ્યાં હતા. તે સમયે ત્યાં નાકાબંધીમાં ઉભેલ પોલીસને શંકા જતાં ગાડી ઉભી રખાવી હતી જેમાં રૂા.૧,૪૧,૮૪૦ના પ્રોહી જથ્થા સાથે દિલીપભાઈ બાબુભાઈ પટેલની બોલેરો ગાડી સાથે અટકાયત કરી પોલીસે કુલ રૂા.૫,૪૬,૮૪૦નો મુદ્દામાલ કબજે લઈ નરવતભાઈ અને અલ્કેશભાઈ વિરૂધ્ધ પણ પ્રોહીનો ગુનો નોંધી સાગટાળા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મૃગનયની



જીજ્ઞા કપુરીયા (નિયતી)

વહેતી જતી ક્ષણ,
સરતો જતો સમય,
ઢળતી સંધ્યાએ તારો
સાથ.....
અસમંજસ છે ઘણી,
સમયને રોકું કે તને...

મૃગનયની આંખોમાં,
ભરી શમણાં વિશાળ,
અધરો જાણે તલવાર...
અસમંજસ છે ઘણી,
કાતિલ નયનો કે કટાર......

તૃષ્ણાનાં વંટોળમાં,
તરસતી આ ધરામાં,
ઝાકળનાં બિંદુની આશ...
અસમંજસ છે ઘણી,
જાણે ઝાંઝવા કે મૃગજળ..

તારી યાદોના સ્પર્શમાં,
બીડાયેલા અધરોમાં,
કહે ‘‘નિયતી’’ આ અગનજાળમાં...
અસમંજસ છે ઘણી,
આવીશ તું કે પછી તારા વાવડ....

## પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં કિસાન સૂર્યોદય યોજનાનો શુભારંભ કરાવતા કૃષિ રાજયમંત્રી



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

કૃષિ, પંચાયત અને પર્યાવરણ રાજયમંત્રી જયદ્રથસિંહ પરમારે આજે પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં કિસાન સૂર્યોદય યોજનાનો શુભારંભ કરાવ્યો હતો. આ યોજના લાગુ થતા ગોધરા તાલુકાના ૪૧ ગામના ખેડૂતો લાભાન્વિત થશે અને કુલ ૧૨૪૯ કૃષિ જોડાણોને પિયત માટે દિવસે વીજપુરવઠાનો લાભ મળતો થશે. આ પ્રસંગે ગોધરા તાલુકાના ચંચેલાવ મુકામે યોજાયેલ કાર્યક્રમના અદયક્ષસ્થાનેથી બોલતા મંત્રી જયદ્રથસિંહ પરમારે જણાવ્યું હતું કે પિયત માટે રાત્રે વિજળી મળતી ત્યારે શિયાળા અને ચોમાસામાં ભારે તકલીફોનો સામનો કરવા પડતો અને ઝેરી જીવ-જંતુઓ તેમજ જાનવરોના હુમલાઓનો પણ મોટો ડર રહેતો. આ અંગે મળેલી રજૂઆતોના પરિણામે ખેડૂતો માટે સદાય સંવેદનશીલ સરકારે પિયત માટે ખેડૂતોને દિવસે વીજપુરવઠો આપતી ક્રાંતિકારી કિસાન સૂર્યોદય યોજના લાગુ પાડવાનો નિર્ણય કર્યો છે અને તે અંતર્ગત બીજા તબક્કામાં પંચમહાલ જિલ્લાના કુલ ૧૧૮ ગામોને આવરી લેવાયા છે. તબક્કાવાર ૩૫૦૦ કરોડના ખર્ચે સમગ્ર રાજ્યના તમામ ગામોને પિયત માટે દિવસે વીજપુરવઠો મળતો થઈ જશે. મંત્રીએ ઉમેર્યું હતું કે, હાલના વડાપ્રધાન અને તે સમયના ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં જ્યોતિગ્રામ યોજનાના સફળ અમલીકરણથી શહેરી વિસ્તારોની માફક ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ૨૪ કલાક નિરંતર વીજપુરવઠો પુરો પાડીને રાજ્યે દેશમાં શ્રેષ્ઠ ઉદાહરણ રજૂ કર્યું હતું. તેવી જ રીતે કિસાન સૂર્યોદય યોજનાના માધ્યમથી ગુજરાત ફરી એક વાર વીજ ક્રાંતિનો અનુકરણીય નમૂનો પ્રસ્તુત કરશે. કિસાનોને દિવસે વિજળી આપવા માટે રાજ્યના ઉર્જાક્ષેત્રે સરકારે કરેલા આંતરમાળખાકીય સુવિધાઓના કામો, સાત પગલા ખેડૂત કલ્યાણના કાર્યક્રમ ઉપલબ્ધ કરાવેલી સુવિધાઓ, પીએમ કિસાન સન્માન નિધી યોજના અંતર્ગત કિસાનભાઈઓને ખાતામાં રૂ.૬,૦૦૦/-ની સીધી વાર્ષિક સહાયનો ઉલ્લેખ કરતા મંત્રીએ જણાવ્યું હતું કે ખેડૂતોની આવક બમણી કરવા માટે સરકારે શ્રેણીબદ્ધ પગલા લીધા છે અને તેમને સિંચાઈ, ખાતર, સહાયક સાધનો, પાણી-વિજળી, ટેકનોલોજી, ધિરાણ-વીમો સહિતની બાબતોમાં શ્રેષ્ઠ સુવિધાઓ પૂરી પાડવા વર્તમાન સરકાર પ્રતિબદ્ધ છે.

કાર્યક્રમમાં ઉપસ્થિત પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે સરકાર વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવા કટિબદ્ધ છે અને કિસાન સૂર્યોદય યોજના આ દિશામાં મહત્વપૂર્ણ યોજના બની રહેશે. સાંસદએ જણાવ્યું હતું કે રાત્રે મળતી વિજળીથી દિવસે કામ અને રાત્રે આરામનો કુદરતી ક્રમ ખોરવાતો હતો, જેની વિપરીત અસરોથી હવે ખેડૂતોને મુક્તિ મળશે. મુખ્યમંત્રી દ્વારા હાલમાં પંચમહાલ જિલ્લામાં થયેલા ૩૫૦ કરોડથી વધુની સિંચાઈ યોજનાઓના ખાતમૂહુર્તનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું હતું કે રાજ્યના દરેક ખેડૂતને પાણી અને વિજળીની ઉત્તમ સુવિધાઓ પૂરી પાડવા સરકાર દ્રઢનિશ્ચયી છે. ગોધરાના ધારાસભ્ય સી.કે.રાઉલજીએ જણાવ્યું હતું કે રાત્રે ખેતરોમાં દીપડા સહિતના પશુઓનો હુમલાનો ભય છે તેવા ઘોઘંબા-જાંબુઘોડા સહિતના અંતરિયાળ વિસ્તારોના ખેડૂતો આ યોજનાથી ખૂબ રાહત પામ્યા છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 125

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# હાઈકોર્ટના ચુકાદાનું પાલન કરી લઘુત્તમ વેતન વધારાની રજૂઆત

# રૂ.૧૪,૮૦૦ વેતન ચુકવવાની માંગ સંદર્ભે ગોધરામાં આંગણવાડી કાર્યકરોની રેલી બાદ કલેકટરને આવેદનપત્ર

ગોધરા, પંચમહાલ જીલ્લાની આંગણવાડીની ૧૫૦ જેટલી મહિલા કાર્યકર્તાઓએ પોતાની લઘુતમ વેતન વધારો રૂ.૧૪,૮૦૦/-વેતન ચુકવવાની માંગ સંદર્ભે હાઈકોર્ટના હુકમનો પાલન નહી થતા નારાજગી વ્યકત કરતું આવેદનપત્ર ગોધરામાં રેલી સ્વરૂપે નીકળીને કલેકટરને સુપ્રત કર્યું હતું. જોકે અન્ય વિભાગોના પાલન તથા પરિપત્રનો અમલીકરણ કરવા પણ જણાવ્યું હતું.

પંચમહાલ જિલ્લાની આંગણવાડી ની ૧૫૦ જેટલી મહિલા કાર્યકરો એ લોક જન શક્તિ પાર્ટી, જન શક્તિ મજદૂર સભા, પંચમહાલના ઝોનલ પ્રેસિડેન્ટ અશોકભાઈ પરમાર ની આગેવાની અને નેજા હેઠળ રાજ્યપાલને ઉદ્દેશીને પંચમહાલ જિલ્લા કલેકટર ને આવેદનપત્ર





- લોક જન શકિત પાર્ટી,જન શકિત મજદૂર સભા પંચમહાલ હેઠળ કાર્યક્રમ.
- આશાવર્કર, એમ.પી.એચ.ડબલ્યુ., એફ.એચ.ડબલ્યુ., આંગણવાડી કેન્દ્રોના સહિતના વિવિધ વિભાગના કર્મચારીઓને ઉચ્ચત્તમ પગાર આપવા માંગ.
- વર્ષોથી ફરજ બજાવતા કર્મચારીઓનું કરાતું આર્થિક શોષણ.
- દિવસ-રાત ફરજ બજાવવા છતાં સરકાર દ્વારા જ અન્યાય.
- કામની સરખામણીમાં ઓછું વેતન અપાતા નારાજગી.
- ગોધરામાં ૧૫૦ જેટલી આંગણવાડી કાર્યકરો એકત્રીત થયા.
- કોન્ટ્રાકટ પ્રથા રદ કરી વેતન વધારો હાલના કર્મચારીઓને લાભ આપો.
- સમયસર ચુકવણી નહીં કરાય તો વિભાગીય વડાની દંડનિય વ્યાજ સાથે ચુકવણી કરવાની જવાબદારી નકકી કરાયેલી હોવા છતાં અમલીકરણ માટે ઉદાસીનતા.

કર્મચારી તથા કરાર આધારીત કર્મચારીઓના વેતન વધારાની માંગ કરાઈ હતી. કોર્ટના હુકમનું આપી પગાર વધારા તેમજ મહેનતાણામાં વધારો કરી આપવાના મામલે રજુઆત કરી હતી. જેમાં આંગણવાડીની મહિલા કર્મચારીઓ એ જણાવ્યું હતું કે જિલ્લાના આંગણવાડી કર્મચારીઓને પગાર ધોરણ માં મળવાપાત્ર લઘુતમ પગાર ધ્યાને લઈ તે મુજબ ફિક્સ પગાર રૂ.૧૪,૮૦૦ ચુકવવામાં આવે. અને આ ફિક્સ પગાર તરીકે ગણવામાં આવે. ઉપરોક્ત વિષયમાં જણાવવામાં આવેલા કર્મચારીઓ ના મહેનતાણામાં વધારો કરવા કોર્ટ ના હુકમ થી સરકાર ના વિવિધ વિભાગીય કચેરીઓમાં જાણ કરવામાં આવેલી હોવા છતાં પણ આરોગ્ય વિભાગના ડોકટર, એમ.પી.એચ.ડબ્લ્યુ, એફ.એચ.ડબ્લ્યુ, આંગણવાડીના કાર્યકરો ને મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓ ને રક્ષક દળના કર્મચારીઓ ને, આશા વર્કર, આશા ફેસિલેટર શૈક્ષણિક વિભાગના કર્મચારીઓ તેમજ અન્ય તમામ કરાર આધારિત નોકરી કરતા કર્મચારીઓને પરિપત્રના અનુસંધાનમાં સરકાર ના લાગતા વળગતા કચેરીના કર્મચારીની સેવાના બદલામાં વેતન વધારો કરી ચૂકવશો. આ પરિપત્રના અમલ કરવામાં સરકાર દ્વારા આપવામાં આવેલા કોન્ટ્રાકટ રદ કરવા પણ ભલામણ કરવામાં આવે છે કે જે કરાર માં ભારતીય બંધારણ નું ખંડન કરી માત્ર ને માત્ર શોષણ અને ભ્રષ્ટાચાર જ થતા હોવાથી તે રદ કરવા પણ અરજ કરવામાં આવી હતી.ત્યારે તફાવત ની ચુકવણી કરવામાં નહીં આવે તો તેના ઉપર ૬% વ્યાજ ચૂકવવાનો નામદાર હાઈકોર્ટ નો હુકમ છે. તે જોતા જો કોઈ વિભાગ/ખાતાના વડા કે કચેરી દ્વારા સમયસર ચુકવણી કરવામાં નહીં આવે તો દંડનીય વ્યાજ માટે સંબંધિત અધિકારીઓની જવાબદારી પણ નક્કી કરવામાં આવે. તેમજ નિયત થતો ફિક્સ પગાર હવે પછી દર માસે નિયમિત રીતે ચૂકવાય તેમ પણ માંગણી કરવામાં આવી છે. વધુમાં જણાવ્યું હતું કે, એક જ વિષયમાં વારંવાર જાહેરહિત વિવાદ દાખલ કરીને કોર્ટનો સમય બરબાદ ન થાય અને કર્મચારીઓના હિતમાં પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવા જણાવ્યું હતું.

## ચુકાદાના પાલન અંગની સુચનાઓ

સરકારની કચેરીઓ ખાતે ફરજ બજાવતા આવા અંશકાલીન કર્મચારીઓ કે જેઓ તા .૦૧/૦૧/૨૦૧૮ ના રોજ કે ત્યારબાદ ફરજો બજાવતા હોય તેઓને તાઃ-૧/૧/૨૦૧૯ ની અસરથી વર્ગ- ૪ ના પગાર ધોરણ માં મળવાપાત્ર લઘુતમ પગાર ધ્યાને લઈને તે મુજબ ફિકસ પગાર રૂા.૧૪,૮૦૦/- ચુકવવાનો રહેશે. ઉક્ત રકમ ઉપર મોંઘવારી ભથ્થુ કે અન્ય કોઈપણ પ્રકારના ભથ્થા મળવાપાત્ર રહેશે નહી. કોર્ટ કેસ સાથે સંકળાયેલ પીટીશનરોને આ લાભ આપવાના રહેશે તે સિવાયના સચિવાલયના આ પ્રકારના કોઈ અંશકાલીન કર્મચારીઓ હાલ સેવામાં ચાલુ હોય તો તેની સંબંધીત કચે રીએ જરૂરી ચકાસણી કરી ઉક્ત લાભ તેઓને મળવાપાત્ર થતો હોય તો નાણાં વિભાગના પરામર્શમાં તાત્કાલીક કાર્યવાહી કરવાની રહેશે. તા .૨૫/૪/૨૦૧૨ ના ઠરાવની સુચના મુજબ જો કોઈ અંશકાલીન કર્મચારીને છુટા કરવામાં આવેલ હોય તો જો તેઓ વય નિવૃત્તિ મર્યાદા વટાવી ગયેલ ન હોય તો તેમને સેવામાં પરત લેવાના રહેશે તેમણે પણ તા. ૧/૧/૦૧૯ થી આ ફિકસ પગારનો લાભ આપવાનો રહેશે.

તા.૨૨/૭/૨૦૧૯ સુધીમાં તફાવતની ચુકવણી કરવામાં નહી આવે તો તેના પર ૬ ( છ ) ટકા વ્યાજ ચુકવવાનો હાઈકોર્ટનો હુકમ છે તે જોતા, જો કોઈ વિભાગ/ ખાતાના વડા કચેરી દ્વારા સમયસર ચુકવણી કરવામાં નહી આવે તો દંડનીય વ્યાજ માટે સંબંધીત અધિકારીઓની જવાબદારી નકકી કરવાની રહેશે. આ પ્રકારે નિયત થતો ફિક્સ પગાર હવે પછી દર માસે નિયમીત રીતે ચુકવાય તે માટે વડાને જણાવવામાં આવે છે.

# પંચમહાલ જિલ્લામાં કલેકટરની અધ્યક્ષતામાં ૩૨માં નેશનલ રોડ સેફ્ટી માસની ઉજવણીનો પ્રારંભ

ગોધરા, પંચમહાલ જિલ્લામાં આજે પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીની કચેરી અને પોલિસ અધિક્ષકની કચેરીના સંયુક્ત ઉપક્રમે કલેક્ટર અમિત અરોરાના અધ્યક્ષસ્થાને ૩૨મા નેશનલ રોડ સેફ્ટી માસ-૨૦૨૧ની ઉજવણીનો શુભારંભ સમારોહ યોજાયો હતો. માર્ગો પર થતા અકસ્માતો અટકાવવા માર્ગ સલામતીના નિયમોનું મહત્વ સમજાવવા ઉજવાતા રોડ સેફ્ટી માસની આ વખતની થીમ સડક સુરક્ષા જીવન રક્ષા છે. જિલ્લા



સેવાસદનના પ્રાંગણમાં યોજાયેલ આ કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી બોલતા કલેક્ટરએ જણાવ્યું હતું કે કોરોના કટોકટી દરમિયાન ઓછી અવરજવરના કારણે અકસ્માતો ઘટ્યા બાદ હવે ફરી માર્ગો પર વાહનોની અવરજવર પૂર્વવત થઈ છે ત્યારે આ પ્રકારના જાગરૂકતા અભિયાનની ખાસ જરૂર છે. તેમણે જણાવ્યું હતું કે મોટરિંગ પબ્લિકને તેમની પોતાની સલામતી માટે રોડ સેફટીને લગતા નિયમોના પાલનનું મહત્વ સમજાવવાની એટલી તાતી જરૂર છે કે આ વખતે રોડ સેફ્ટીનું આ અભિયાન એક સપ્તાહની બદલે એક મહિના સુધી ચલાવવામાં આવશે. કોરોના કાળમાં લોકડાઉન દરમિયાન તેમજ રાહત કાર્યો સમયે અનેક જોખમો અને વિપરીત પરિસ્થિતીઓની વચ્ચે ઉભા રહીને ફરજ બજાવનારા ટ્રાફિક પોલિસના જવાનો, ટીઆરબીના જવાનો અને આરટીઓ કર્મચારીઓની કામગીરીને વખાણતા તેમણે સામાન્ય જનતા સાથે રોડ સેફ્ટીના નિયમોના ઉલ્લંઘન સમયે થતા ઘર્ષણને સંવેદનશીલતાથી અને કુનેહપૂર્વક હેન્ડલ કરવા તેમજ સંયમ ન ગુમાવી કાયદેસરની કાર્યવાહી કરવા સલાહ પણ આપી હતી. આ ઉપરાંત મોટરિંગ પબ્લિકમાં વાહનોના અને પોતાના ઈન્સ્યુરન્સ અંગે જાગરૂકતાનો મોટો અભાવ હોવાનું જણાવતા આ દિશામાં જાગરૂકતા વધે તેવા કાર્યક્રમો કરવા, રોડ સેફ્ટીના નિયમો અંગે જાગૃતિના કાર્યક્રમોમાં સરકારી ડ્રાઈવરોને પણ સમાવી લેવા, રોડ સેફ્ટી અંગેના વિવિધ કાર્યક્રમો જિલ્લાના તમામ વર્ગના અને તમામ વિસ્તારના લોકોમાં અસરકારક રીતે પહોંચે તે રીતે કરવા સૂચના આપી હતી. કાર્યક્રમના સહઅધ્યક્ષ જિલ્લા પોલિસ વડા ડો. લીના પાટિલે જણાવ્યું હતું કે, ટ્રાફિકનું પ્રમાણ સતત વધી રહ્યું છે ત્યારે વાહનચાલકોના અમૂલ્ય જીવનને સુરક્ષિત રાખવાના હેતુથી રોડ સેફ્ટીના નિયમો અને નિયમપાલન અંગે જાગરૂકતા વધારવા આવા કાર્યક્રમો સતત થાય તે આવશ્યક છે. રોંગ સાઈડ ડ્રાઈવિંગ, ઓવરસ્પીડીંગ, ખોટી રીતે ઓવરટેક કરવા, ડ્રીંક એન્ડ ડ્રાઈવને માર્ગ અકસ્માત થવા માટે સૌથી જવાબદાર કારણો ગણાવતા તેમણે ઉમેર્યું હતું કે અકાળ મૃત્યુના કારણોમાં માર્ગ અકસ્માતોનો ફાળો સૌથી મોટો છે અને આ સ્થિતિ બદલવાની જરૂર છે. પોલિસ અધિક્ષકએ ઉમેર્યું હતું કે રોડ સેફ્ટીના નિયમોનું ચુસ્ત પાલન આ પૈકીના ઘણા અકસ્માતો નિવારી શકે છે અને આ બાબતે મોટરિંગ પબ્લિકને સેન્સેટાઈઝ કરવાની જરૂર છે અને તેમાં રોડ સેફ્ટી મહિના અંતર્ગત કરવામાં આવતા કાર્યક્રમો અતિ ઉપયોગી સાબિત થશે. આ વખતની ઝુંબેશ ગ્રામ્ય વિસ્તારના લોકો સુધી પહોંચે તે દિશામાં કામગીરી કરવા પર ભાર મૂકતા ડો. પાટિલે આ અભિયાનને સફળ બનાવવા વાહનચાલકોનો સહયોગ અનિવાર્ય હોવાનું ઉમેર્યું હતું. આ અગાઉ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી અજય શાહે શાબ્દિક સ્વાગત કરી કાર્યક્રમનું પ્રારંભિક રૂપરેખા આપી હતી.

આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી બી.એસ.પંચાલ, એસટીના વિભાગીય નિયામક ડિંડોળ, આરટીઓ ઈન્સ્પેક્ટર આર.બી.લોઢા, જિલ્લા ટ્રાફિક પીએસઆઈ ગઢવી, વિવિધ મોટર ડ્રાઈવિંગ સ્કૂલ્સના ઈન્સ્ટ્રક્ટર ઉપસ્થિત રહ્યા હતા.

# પંચમહાલ જીલ્લા પોલીસ વડા દ્વારા પોલીસ ઈન્સ્પેક્ટરોની આંતરીક બદલી કરી

ગોધરા, પંચમહાલ જિલ્લા પોલીસ અધિક્ષક ડો. લીના પાટીલ દ્વારા જિલ્લા ખાતે ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેક્ટરો ની વહીવટી કારણોસર બદલી ના હુકમ કરવામાં આવ્યા હતા. જેમાં ગોધરા શહેર બી ડિવિઝનના પી.આઇ. કે.પી. જાડેજા ને હાલોલ રૂરલ પોલીસ મથકે,ગોધરા શહેર એ ડિવિઝન ના એમ.કે.ખાંટ ને ગોધરા સી.પી.આઇ તરીકે, હાલોલ રૂરલ પોલીસ મથકના એમ.ઝેડ. પટેલ ને ગોધરા શહેર એ ડિવિઝન પોલીસ મથકે તેમજ લિવ રિઝર્વ રહેલા એચ.એન.પટેલ ને ગોધરા શહેર બી ડિવિઝન ખાતે પી.આઇ. તરીકે ની બદલી કરવામાં આવી છે.

# કાલોલમાં રેસીડન્સી સોસાયટીના બંધ મકાન માંથી ૮૯ હજારની ચોરી કરતાં તસ્કો

કાલોલ, કાલોલમાં રેસીડન્સી સોસાયટીના બંધ મકાનને તસ્કરો એ નિશાન બનાવ્યું હતું. મકાનનું તાળું તોડી ઘરમાં રાખેલ સોના-ચાંદીના દાગીના, રોકડ રૂપીયા મળી ૯૪,૦૦૦/- રૂપીયાની મત્તાની ચોરી કરી જતાં આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલમાં રેસીડન્સી સોસાયટીમાં રહેતા દિપકકુમાર રશ્મીકાંત વાઘેલના બંધ મકાનને તસ્કરો એ નિશાન બનાવ્યું હતું અને ઘરના દરવાજાનું તાળું તોડી ઘરમાં રાખેલ સોના-ચાંદીના દાગીના કિંમત ૮૯,૦૦૦/-રૂપીયા તથા ૫૦૦૦/-રૂપીયા મળી કુલ ૯૪,૦૦૦/-રૂપીયાના મુદ્દામાલની ચોરી કરી તસ્કરો ફરાર થઈ જતાં આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# વેજલપુર ગામે પોસ્ટ ઓફિસનું બાંધકામ શરૂ થતાં લોકોમાં આનંદ

વેજલપુર, કાલોલ તાલુકાના વેજલપુર ગામમાં આવેલ પોલીસ સ્ટેશન ની સામે નવી પોસ્ટ ઓફિસ નુ બાંધ કામ ચાલુ થઈ ગયું છે. હવે ગામના લોકોને તકલીફ નહીં પડે અને હવે દૂર જવુ નહીં પડે પોસ્ટ ઓફિસ આ વષે મા કામગીરી પૂર્ણ થઈ જસે અને નવી પોસ્ટ ઓફિસ નુ બાંધકામ માટે સામાજિક કાર્ય કરતા એવા સાલીમભાઈ કઠીયા એ જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપવાથી કામગીરીની મંજૂરી મરીજવાથી વેજલપુરના અને આજુ બાજુના લોકોમાં આનંદ આવેલ છે.

# ગોધરા-દાહોદ હાઈવે ને પહોળો કરવાની કામગીરી વચ્ચે રોડની મધ્યમાં ડીવાઈડર ઉભા કરતાં અકસ્માતનો ભય : રોડની કામગીરી જલ્દી પુરી કરવા રજુઆત

ગોધરા, ગોધરા શહેરના દાહોદ હાઈવે રોડ પ્રભા બ્રીજ થી મુનલાઈટ સિનેમા , વાવડી બુર્ઝગના હાઈવે માર્ગને પહોળો કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. હાલમાં રોડ સાઈડોની અધુરી કામગીરી વચ્ચે ડિવાઈડર બનાવી દેવામાં આવતાં વાહન ચાલકોને અગવડ ઉભી થવા પામી છે. આ બાબતે જીલ્લા કોંગ્રેસ પ્રમુખ દ્વારા જીલ્લા કલેકટરને રજુઆત કરાઈ.

ગોધરા શહેરના દાહોદ હાઈવે રોડ ઉપર પ્રભા પુલને તેમજ રસ્તાને પહોળો ફોર લેન્ડ બનાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. પ્રભારોડ થી મુનલાઈટ સિનેમા, વાવડી બુઝર્ગ સુધીના માર્ગની બન્ને સાઈડો પહોળી કરવામાં આવી રહી છે. આ સાઈડોમાં કપચી પાથરીને પહોળો કરવામાં આવ્યો છે. રોડની બન્ને સાઈડોના વૃક્ષો તેમજ સ્ટ્રીટ લાઈટના થાંભલા હટાવી દેવામાં આવ્યા છે. જેને લઈ પ્રભા પુલ થી મુનલાઈટ સિનેમા સુધીના રોડ ઉપર અંધારપટ જોવા મળી રહયો છે. તેમાં પણ રોડની અધુરી કામગીરી વચ્ચે રોડ ઓથોરીટીના કોન્ટ્રાકટર દ્વારા રોડની મધ્યમાં ડીવાઈડર બનાવી દેવામાં આવ્યા છે. જેને લઈ અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. રોડ સાંકડો થઈ જતાં વાહન ચાલકોને મુશ્કેલીઓ વેઠી રહ્યા છે. ત્યારે પ્રભા બ્રીજ થી મુનલાઈટ સિનેમા સુધીના રોડની કામગીરી ઝડપી પુરી કરવામાં આવે તેવી માંગ સાથે જીલ્લા કોંગ્રેસના પ્રમુખ અજીતસિંહ ભાટી દ્વારા કલેકટરને રજુઆત કરવામાં આવી છે.

# શહેરાના વાઘજીપુર ચોકડી પાસેથી અજાણ્યા વ્યકિતના મૃતદેહ મળ્યો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરાની વાઘજીપુર ચોકડી પાસેથી આધેડની લાશ મળી આવી હતી. જોકે તેઓના કોઈ વારસદાર ન હોવાથી હાલ આધેડના મૃતદેહને ગોધરા ખાતે કોલ્ડ રૂમમાં મુકવામાં આવ્યો. પંચમહાલ જિલ્લાના શહેરા નગરમાંથી પસાર થતા મુખ્ય હાઈવે માર્ગ પર આવેલ વાઘજીપુર ચોકડી પાસે રોડની સાઈડમાં ભિક્ષુક જેવા દેખાતા એક આધેડ મૃત હાલતમાં મળી આવ્યા હતા,આ મામલે સ્થાનિક લોકોએ શહેરા પોલીસને જાણ કરતા પોલીસે ઘટના સ્થળે પહોંચીને જરૂર કાર્યવાહી હાથધરી આધેડના મૃતદેહને શહેરા સરકારી દવાખાને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. જોકે મૃતક આધેડના વાલીવારસો ન હોવાનું જાણવા મળતા તેની આધેડના મૃતદેહને ગોધરા ખાતે કોલ્ડ રૂમમાં મોકલી અપાયો હતો. આ બાબતે હાલ તો શહેરા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પંચમહાલ જિલ્લામાં સતત ત્રીજા દિવસે કોરોના સંક્રમણનો એક જ નવો કેસ

ગોધરા, પંચમહાલ જિલ્લામાં આજે સતત ત્રીજા દિવસે કોરોના સંક્રમણનો એક જ કેસ મળી આવ્યો છે. આ કેસ ગોધરા ગ્રામ્યમાં નોધાયો છે. સંક્રમણના કુલ કેસની સંખ્યા ૩૮૯૬ થવા પામી છે. ૦૫ દર્દીઓને સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવતા હાલની સ્થિતિએ જિલ્લામાં સક્રિય દર્દીઓની સંખ્યા ૪૨ થવા પામી છે. જેમની સારવાર ચાલી રહી છે. શહેરી વિસ્તારોમાં સંક્રમણના કુલ ૨૮૪૯ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૧૦૪૭ કેસ મળી આવ્યા છે. હોસ્પિટલમાંથી રજા મેળવનાર દર્દીઓની કુલ સંખ્યા ૩૭૧૫ થવા પામી છે.

# વેજલપુર ગામ ના મેન બજાર હોળી ચકલા વિસ્તારમાં વિકાસના કામો ચાલુ થતા લોકોમાં ખુશી

વેજલપુર, કાલોલ તાલુકાના વેજલપુર ગામમાં છેલ્લા કેટલાક વર્ષોથી ગામમાં ક્રિષ્ના મેડિકલ થી લઇ હોળી ચકલા મેન બજાર મોટી મસ્જીદ તથા ખડચાટ સુધી પાણી ની લાઈન ગટર લાઇન અને સીસી રોડ નવીન બનાવવા અંગે વેજલપુર ગામના જાગૃત નાગરિકો અને સામાજિક કાર્યકરો દ્વારા વેજલપુર ગ્રામ પંચાયત ના સરપંચ તથા તલાટી ક્રમ મંત્રી ને અનેક વખત રજુઆત કરી હતી. જેથી વેજલપુર ગ્રામ પંચાયત દ્વારા આજ રોજ કામની શરૂઆત કરતા ગામના લોકો માં ખુશી જોવા મળી હતી અને સામાજિક કાર્યકર સલીમભાઈ કઠિયા દ્વારા ગામના જાગૃત નાગરિકો અને ત્યાં ઉપસ્થિત લોકોને જલેબી ખવડાવી હતી અને સલીમ ભાઈ કઠિયા સામાજિક કાર્યકરમાં એક અનોખી ખુશી જોવા મળી હતી. જેથી એવુ લાગી રહયુ છે કે વેજલપુર ગામ ના જાગૃત નાગરિકો અને સામાજિક કાર્યકરો ની મેહનત રંગ લાવી છે. જેથી અનેક લોકોમાં ચર્ચાનો વિષય બનવા પામ્યો છે કે ગામના જાગૃત નાગરિકો અને સામાજિક કાર્યકરો આજ રીતે મેહનત કરશે તો વેજલપુર ગામમાં સારો વિકાસ થશે અને ગામમાં સારા કામો થશે તેવી વેજલપુર ગ્રામ પંચાયત અને ગામના જાગૃત નાગરિકો અને સામાજિક કાર્યકરો થી ગામ જનોની અપેક્ષા કે કામો યોગ્ય રીતે કરવામાં આવી.